CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 14

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 31, Dt. 04-06-2026 (THURSDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789

## OPD આંકડામાં ડબલ ગેમ બહાર

# રાજકોટ આરોગ્ય કેન્દ્રમાં ગોટાળો
# તપાસ કરી 40 દર્દીની, રેકોર્ડમાં 80?

## ઓનલાઈન દર્દીના નામ ચઢાવવામાં આવે છે પછી એક મહિના પહેલા આવેલા દર્દીઓના નામ પણ મૂકવામાં આવે છે

## સ્ટાફ પોતાની રીતે ગોઠવણી કરે છે ?


**સિટી ન્યૂઝ@રાજકોટ**


શહેરના બજરંગ વાડી વિસ્તારમાં આવેલ મહાપાલિકા સંચાલિત આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓની સંખ્યામાં ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. માહિતી મુજબ, આરોગ્ય કેન્દ્રમાં વાસ્તવમાં દરરોજ અંદાજે ૩૫ થી ૪૦ દર્દીઓ સારવાર માટે આવે છે, પરંતુ નોંધપોથીમાં OPDની સંખ્યા ૭૦ થી ૮૦ દર્શાવવામાં આવી રહી છે.


સૂત્રો જણાવે છે કે જ્યારે કોઈ દર્દી સારવાર માટે આવે છે ત્યારે તેનું નામ ઓનલાઈન નોંધવામાં આવે છે અને ત્યારબાદ જરૂરી દવાઓ આપવામાં આવે છે. જોકે, OPDની સંખ્યા વધારવા માટે જૂના દર્દીઓના નામ ફરીથી ઉમેરવામાં આવતા હોવાનો ખેલ ચાલી રહ્યો છે.


આ ગોટાળાને કારણે આરોગ્ય કેન્દ્રની વાસ્તવિક કામગીરી અને આંકડાઓ વચ્ચે મોટો તફાવત ઉભો થયો છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય, તો આ માત્ર આંકડાકીય ગેરરીતિ જ નહીં પરંતુ જાહેર આરોગ્ય પ્રણાલી પર વિશ્વાસને પણ આંચકો આપી શકે છે.


સ્થાનિક લોકોમાં આ મુદ્દે અસંતોષ જોવા મળી રહ્યો છે અને યોગ્ય તપાસ કરીને જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. હાલમાં સંબંધિત તંત્ર તરફથી આ મામલે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.












## શક્ય કારણો

**રિપોર્ટમાં વધુ કામ બતાવવા માટે**

OPD (દર્દીઓની સંખ્યા) વધુ બતાવીને ઉપરના અધિકારીઓને બતાવાય છે કે કેન્દ્રમાં વધુ દર્દીઓ આવે છે, જેથી કામગીરી સારી દેખાય.

**બજેટ અને ફંડ મેળવવા માટે**

વધુ દર્દી બતાવવાથી ભવિષ્યમાં વધુ દવાઓ, સ્ટાફ અથવા ફંડની માંગણી સરળ બને છે.

**પરફોર્મન્સ પ્રેશર**

સ્ટાફ પર વધુ કામ બતાવવાનો દબાણ હોઈ શકે છે, જેથી તેઓ આંકડા વધારી બતાવે.

**રેકોર્ડમાં ગોટાળો**

યોગ્ય સિસ્ટમના અભાવે અથવા બેદરકારીથી જૂના નામો ફરી ઉમેરવામાં આવતા હોય.

**ભ્રષ્ટાચારની સંભાવના**

દવાઓના ઉપયોગ, બિલિંગ અથવા અન્ય ફાયદા માટે આંકડાઓમાં હેરફેર થતી હોઈ શકે છે.


FIRST TIME EVER IN RAJKOT
SOMETHING NEW
IS COMING TO
RAJKOT
19 JUNE 2025
AN IMMERSIVE WELLNESS EXPERIENCE
LIKE NEVER BEFORE
SARAZA • RAJKOT
સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Velvet Circle

## સિટી ન્યૂઝ ગ્રાઉન્ડ રિપોર્ટઃ વિકાસ પાછળનું કડવું સત્ય; 15 ગામો પ્રદુષણથી ત્રસ્ત હજારો લોકો

# બાલાજી વેફર્સની ચમક ગામોની બરબાદી

## લોકોને ચામડીના રોગની દહેશત?




**રાજકોટના વિકાસની પાછળ છુપાયેલી કડવી હકીકતઃ 15 ગામોના હજારો લોકો કેમિકલયુક્ત પ્રદૂષણના નરકમાં જીવવા મજબૂર!**

**ઉદ્યોગોમાંથી નીકળતા કેમિકલયૂક્ત પાણી, તેલયૂક્ત કચરો અને ગાંડીવેલના સામ્રાજ્યને લીધે ગામો મચ્છરોથી ઉભરાયા**

**RUDA-GPCB સૂઈ રહ્યા છે ? ગામડાં પ્રદુષણથી તડપી રહ્યા છે**




## કંપનીના નફા માટે ગામો બલી ? પ્રદુષણનો ભયાનક ખેલ ખૂલ્યો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના વિકાસ અને ઉદ્યોગોની ચમક પાછળ એક કડવી હકીકત છુપાયેલી છે, જ્યાં વાજડીગઢ, વેજાગામ, વડવાજડી, ન્યારા અને ખંભાળા સહિત નદીકાંઠાના ૧૨ થી ૧૫ જેટલા ગામોના લોકો વર્ષોથી ભયાનક પ્રદૂષણનો માર સહન કરી રહ્યા છે. નદીમાં વહેતા કાળા, દુર્ગંધયુક્ત અને કેમિકલયુક્ત પાણી માટે ગ્રામજનો સીધો આક્ષેપ બાલાજી વેફર્સ સહિતના સ્થાનિક ઉદ્યોગો અને રાજકોટ શહેરના ગંદા પાણી પર લગાવી રહ્યા છે, જેના કારણે માણસો તો દૂર, પશુઓ પણ આ પાણી પીવા તૈયાર નથી. ઉદ્યોગોમાંથી નીકળતા કેમિકલયુક્ત પાણી, તેલયુક્ત કચરો અને ગાંડીવેલના સામ્રાજ્યને લીધે ગામોમાં અસહ્ય મચ્છરોનો ઉપદ્રવ, ચામડીના ગંભીર રોગો અને પશુઓના મોતના કિસ્સાઓ સામે આવ્યા છે, એટલું જ નહીં, પ્રદૂષિત પાણીના લીધે હવે લોકોને પીવાનું પાણી પણ ખરીદીને લાવવા મજબૂર થવું પડ્યું છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે ગાંડીવેલમાં આશરો લેતા અજગર જેવા જંગલી જાનવરો હવે માલધારીઓના પશુઓ પર પણ હુમલા કરી રહ્યા છે, પરંતુ સ્થાનિકો અને સરપંચના આક્રોશ છતાં જવાબદાર તંત્ર એટલે કે RUDA અને GPCB ઘોર નિદ્રામાં હોય તેમ કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે હવે જોવાનું એ રહેશે કે એક તરફ પર્યાવરણ અને સ્વચ્છતાના મોટા દાવાઓ કરતી સરકાર આ ગામડાઓની વેદના સાંભળી પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો સામે ક્યારે કડક પગલાં ભરે છે.

## મેઘરાજાની સત્તાવાર એન્ટ્રી; હવે સુકી ધરા લીલોતરી ઓઢશે



# કેરળે ચોમાસાનું સ્વાગત કર્યું

## કેરલમના 8 જિલ્લામાં ‘ઑરેન્જ એલર્ટ’

**સિટી ન્યૂઝ@તિરુવનંતપુરમ**

કાળઝાળ ગરમી, શેકાતી સડકો અને અસહ્ય ઉકળાટ વચ્ચે આખરે આખા દેશ માટે સૌથી મોટા ખુશખબર આવી ગયા છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ કેરલમમાં સત્તાવાર રીતે દસ્તક આપી દીધી છે. આ સાથે જ ભારતમાં વરસાદની મુખ્ય સીઝનનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

ભારતીય હવામાન વિભાગની સત્તાવાર જાહેરાત બાદ કેરલમના અનેક વિસ્તારોમાં તેજ વરસાદ શરૂ થઈ ગયો છે અને આકાશમાં ઘેરાયેલા કાળાડિબાંગ વાદળોએ ગરમીની તીવ્રતાને શાંત કરી દીધી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસાનું આગમન માત્ર હવામાનની અપડેટ નથી, પરંતુ દેશના કરોડો ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય જનતા માટે આશા અને રાહતનો મોટો સંદેશ લઈને આવ્યું છે. ખેતરોથી લઈને શહેરો સુધી હવે સૌ કોઈની નજર વરસાદની આગામી ગતિ પર ટકેલી છે.

હવામાન વિભાગે ગુરુવારે પુષ્ટિ કરી છે કે ચોમાસું કેરલમમાં પ્રવેશી ચૂક્યું છે અને તેની સાથે જ લક્ષદ્વીપ તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદી ગતિવિધિઓ તેજ બની છે. IMD દ્વારા ૪ જૂનથી ૯ જૂન વચ્ચે કેરલમમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી (ઑરેન્જ એલર્ટ) જાહેર કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન અનેક વિસ્તારોમાં ૭ સેન્ટિમીટરથી લઈને ૨૦ સેન્ટિમીટર સુધીનો ખાબકી શકે છે. ખાસ કરીને તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનમથિટ્ટા, અલપ્પુઝા, કોટ્ટાયમ, ઇડુક્કી, એર્નાકુલમ અને ત્રિશૂર જિલ્લામાં વહીવટીતંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની અને જનજીવન પ્રભાવિત થવાની શક્યતા પણ દર્શાવવામાં આવી છે.

ચોમાસાની કેરલમમાં એન્ટ્રી બાદ હવે તે ઝડપથી આગળ વધશે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ચોમાસું દેશના અન્ય ભાગોને પણ આવરી લેશે. ઉત્તર ભારત, મધ્ય ભારત અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં આગામી દિવસોમાં તેજ પવન અને ગાજવીજ સાથે વરસાદ થવાનું એલર્ટ જાહેર કરાયું છે. કેરલમમાં સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ ચોમાસું બેસતું હોય છે, પરંતુ આ વખતે ૪ જૂને તેની સત્તાવાર શરૂઆત થઈ છે. આ ગતિ જોતાં આગામી થોડા દિવસોમાં ચોમાસું મહારાષ્ટ્ર થઈને જૂનના મધ્ય સુધીમાં બિહાર અને જૂનના અંતિમ અઠવાડિયા સુધીમાં ઉત્તર પ્રદેશ (UP) માં પ્રવેશ કરે તેવી પૂરેપૂરી સંભાવના છે.

ભારતીય અર્થતંત્ર અને કૃષિ ક્ષેત્ર મોટેભાગે ચોમાસાના વરસાદ પર નિર્ભર છે. દેશમાં ચોમાસાની આ ધમાકેદાર શરૂઆતથી ખરીફ પાકની વાવણી કરતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જો ચોમાસું આવી જ પ્રગતિ સાથે આગળ વધશે, તો દેશમાં અનાજનું ઉત્પાદન વધશે અને મોંઘવારી પર પણ લગામ કસવામાં મદદ મળશે. હવામાન વિભાગે લોકોને હવે છત્રી અને રેઇનકોટ તૈયાર રાખવાની સલાહ આપી છે.

## સાબરકાંઠામાં વીજળી પડતા યૂવકનું મોત

# સૌરાષ્ટ્રમાં વરસાદ વાવાઝોડાનું એલર્ટ




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**


ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમન પૂર્વે જ વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના વિવિધ ભાગોમાં ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. બુધવારે સાબરકાંઠા જિલ્લાના પોશીના અને વિજયનગર તાલુકામાં કરા સાથે વરસાદ વરસ્યો હતો, જેમાં પોશીનાના દાંતિયા ગામે વીજળી પડતા ૧૭ વર્ષીય વિક્રમ માલાભાઈ તરારનું મોત થયું હતું. તો મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં સાંજના સમયે અચાનક આવેલા વાવાઝોડાએ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે નુકસાન સર્જ્યું છે. અનેક કાચા મકાનોના છાપરા ઉડી ગયા છે, જ્યારે વીજપોલ અને વૃક્ષો પણ ધરાશાયી થતા જનજીવન પ્રભાવિત બન્યું છે. વાવાઝોડાના કારણે વાહનો પણ પલટી ગયાં હતાં. રાજ્યમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં ૪૨.૯C અને અમરેલીમાં ૪૧.૭C નોંધાયું છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, સત્તાવાર રીતે કેરળમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે. હવે આગામી દિવસોમાં તેની અસર દેશના અન્ય વિસ્તારોમાં પણ જોવા મળશે. આજે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. સાથે જ આજે અને આવતીકાલે શહેરમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય હોવાથી હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. દક્ષિણથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાવાની શક્યતા છે, જેના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે.




## ભૂતકાળમાં મેયર નેહલ શુકલે પે એન્ડ પાર્કિંગ મફત્ત થવાની વાત કરી હતી

# મેયર માસ્ટરસ્ટ્રોક મારવાના મૂડમાં 63 સ્થળે પે એન્ડ પાર્કિંગ ફ્રી કરશે?



નેહલ શુકલ (મેયર)



મકબૂલ દાઉદાણી
(કોંગ્રેસ કોર્પોરેટર)

## જો નિયમ વિરુધ્ધ ચાર્જ વસૂલવાનું ધ્યાન પર આવશે તો કાર્યવાહી થશે

મેયર ડો. નેહલ શુકલે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં જે કોઈપણ સ્થળોએ પે-એન્ડ-પાર્કિંગના કોન્ટ્રાક્ટની મુદત સત્તાવાર રીતે પૂરી થઈ ગઈ છે, ત્યાં કોઈ પણ વ્યક્તિ કે એજન્સી નાણાં વસૂલી શકે નહીં. જો આવા કોઈ પણ સ્થળે હજુ પણ જબરદસ્તી કે ગેરકાયદેસર રીતે પૈસા ઉઘરાવવામાં આવતા હોવાની ફરિયાદ મળશે, તો તેવા તત્વોને ત્યાંથી તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવશે. આટલું જ નહીં, મુદત પૂરી થયા પછી પણ ઉઘરાણું ચાલુ રાખનારી એજન્સીઓની સામે તપાસ કરીને તેમને ભવિષ્ય માટે 'બ્લેકલિસ્ટ' કરવાની કડક કાયદાકીય પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પે એન્ડ પાર્કિંગમાં થયેલા દબાણો સહિતની બાબતે સંબંધિત અધિકારીઓને પણ તુરંત જ એક્શન લેવા માટે મેં સ્પષ્ટ સૂચના આપી દીધી છે. મીડિયા કે જનતા દ્વારા કોઈ પણ ચોક્કસ સ્થળ કે ઘટના અંગેની લેખિત કે મૌખિક ફરિયાદ અમારા ધ્યાને મૂકવામાં આવશે, તો તેના પર તરત જ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ પે એન્ડ પાર્કિંગ જનતા માટે ફ્રી કરવાનાં સંકેતો આપતા તેમણે જણાવ્યું હતું કે, મારી કહેલી વાત મને યાદ છે. તેમજ જનતાના હિતને ધ્યાનમાં રાખીને જ આગામી તમામ નિર્ણયો લેવામાં આવશે.

## માર્ચમાં કોન્ટ્રાક્ટ પૂરા થઈ ગયા હોવા છતાં ઉઘરાણા થતા હોવાનો વિપક્ષનો આક્ષેપ

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ શહેરમાં જનતાને લૂંટવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો કોંગ્રેસના કોર્પોરેટર મકબુલ દાઉદાણી દ્વારા કરવામાં આવ્યા છે. શહેરમાં માર્ચ મહિનામાં પે-એન્ડ-પાર્કિંગના કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ ગયા હોવા છતાં પણ હજુ સુધી લોકો પાસેથી ગેરકાયદેસર રીતે ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. ઘણી જગ્યાઓ એવી છે જ્યાં લોકો માત્ર ૨ થી ૫ મિનિટ માટે ખરીદી કરવા ઊભા રહે છે, તેમની પાસેથી પણ તુરંત જ પાર્કિંગ ચાર્જ વસૂલી લેવામાં આવે છે. આ ઉપરાંત, સિવિલ હોસ્પિટલ જેવા સંવેદનશીલ સ્થળોએ જ્યાં સામાન્ય અને ગરીબ વર્ગના દર્દીઓ સારવાર માટે આવતા હોય છે, ત્યાં પે-એન્ડ-પાર્કિંગના નામે વસૂલાત કરીને ગરીબ જનતાને લૂંટવાનું કામ ચાલી રહ્યું છે. વર્તમાન મેયર નેહલ શુકલાએ અગાઉ એવું નિવેદન આપ્યું હતું કે શહેરમાં પે-એન્ડ-પાર્કિંગ બંધ થવું જોઈએ અને તેના બદલામાં જે કોઈ ચાર્જ ચૂકવવાનો થશે તે તેઓ પોતે ચૂકવી દેશે. હવે જ્યારે તેઓ પોતે મેયર બની ચૂક્યા છે, ત્યારે વિપક્ષ તરીકે હું તેમને પૂછવા માંગું છું કે તેઓ આ બાબતે હવે શું નિર્ણય લેશે? ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં પાર્કિંગની સમસ્યા ખૂબ વિકરાળ બની હતી. જેને લઈને અગાઉ પે એન્ડ પાર્કિંગ સ્કીમ શરૂ કરવામાં આવી હતી.

**સુરક્ષા પર સવાલ: મહિલાએ આપેલું સોનું પરત નહીં આપતા પોલીસ ઉપાડી લાવી હતી ?**

# માલવીયાનગર પોલીસ સ્ટેશનમાંથી આરોપી ભાગ્યો; અંતે હાથમાં આવ્યો

**આરોપીની હિંમત તો જુઓ: ભાગી જતા પોલીસને થોડીવાર તો પરસેવો છૂટી ગયો ?**




**સિટી ન્યૂઝ@રાજકોટ**

માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે લાવવામાં આવેલા એક આરોપીએ ભાગવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ હતી. મહિલાના દાગીના પડાવી લેવાના કેસમાં પકડાયેલા આ શખ્સને પોલીસે પૂછપરછ માટે સ્ટેશનમાં લાવ્યો હતો.માહિતી મુજબ, એક વેપારીએ મહિલાથી સોનું લીધું હતું પરંતુ પરત ન આપતા પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ પોલીસની નજર ચૂકવીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી.જોકે, પોલીસે તાત્કાલિક સચેત બનીને પીછો કરીને મહા મહેનતે આરોપીને ફરી પકડી પાડવામાં સફળતા મેળવી હતી.આ બનાવને લઈને પોલીસની સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઊભા થયા છે, જ્યારે બીજી તરફ આરોપીને ફરી ઝડપી લેવાતા પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. હાલમાં સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## મેયર એલર્ટ; કોર્પોરેટરોને સીધી જવાબદારી સોંપાઈ

# પ્રિ-મોન્સુન તૈયારીમાં નવી ફોર્મ્યુલા કોર્પોરેટરો જાતે કરશે નિરીક્ષણ



સિટી ન્યૂઝ@રાજકોટ

ચોમાસા નજીક આવતાં રાજકોટ મહાનગરપાલિકા તંત્ર સજ્જ બનવાનું શરૂ કર્યું છે. શહેરમાં દર વર્ષે થતા પાણી ભરાવાના પ્રશ્નને ધ્યાનમાં રાખીને આ વખતે નવી પહેલ કરવામાં આવી છે. મેયર ડો. નેહલ શુક્લાના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ ૧૮ વોર્ડના કોર્પોરેટરો આજે મેદાનમાં ઉતરી પ્રી-મોન્સુન કામગીરીનું નિરીક્ષણ કરશે. મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર આવી રીતે તમામ કોર્પોરેટરોને સીધી ફિલ્ડમાં જઈને ચકાસણી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ પોતાના વોર્ડમાં ડ્રેનેજ લાઇન, વોકળા અને સફાઈ કામગીરીની સ્થિતિનું નિરીક્ષણ કરશે અને ક્યાં ખામીઓ છે તેની નોંધ લેશે.



દર વર્ષે ચોમાસા પહેલા તંત્ર દ્વારા મોટા મોટા દાવા કરવામાં આવે છે કે શહેરમાં પાણી નહીં ભરાય, પરંતુ હકીકતમાં થોડા જ વરસાદમાં રાજકોટના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ જતા હોય છે. જેના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.


આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ વખતે તંત્ર દ્વારા પહેલેથી જ ચકાસણી શરૂ કરવામાં આવી છે. હવે જોવાનું રહ્યું કે આ નિરીક્ષણ પછી ખામીઓ દૂર થાય છે કે નહીં અને આ ચોમાસામાં રાજકોટ પાણી ભરાવાની સમસ્યાથી કેટલું મુક્ત રહે છે.

નાગરિકોમાં પણ આશા છે કે આ પહેલ માત્ર કાગળ પર નહીં રહે, પરંતુ વાસ્તવિક પરિણામો પણ દેખાશે.

રાજકોટના મેયર ડો. નેહલ શુક્લે શહેરના તમામ કોર્પોરેટરોને પોતાના વિસ્તારમાં ચાલી રહેલી પ્રીમોન્સૂન કામગીરીનું સ્થળ પર જઈને નિરીક્ષણ કરવા સૂચના આપી છે. કોર્પોરેટરો તેમના વોર્ડમાં પાણી ભરાવાની સંભાવના ધરાવતા વિસ્તારો, ડ્રેનેજ લાઈનો, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા તેમજ સફાઈ કામગીરીની સમીક્ષા કરશે. ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા અંગે મેયર ડો. નેહલ શુક્લે ઉમેર્યું હતું કે, દર વર્ષે કામગીરી તો થતી જ હોય છે, પરંતુ જ્યાં અતિવૃષ્ટિ થાય છે.

### કોર્પોરેટરો વોર્ડમાં જઈ કામગીરીની કરશે ચકાસણી

રાજકોટ મનપાના પદાધિકારીઓ પ્રથમ વખત ફિલ્ડમાં ઉતરીને નિરીક્ષણ કરવાના છે. આ અંગે મેયર ડો. નેહલ શુક્લે જણાવ્યું હતું કે, ૧૫ જૂન સુધીમાં પ્રી-મોન્સુન કામગીરી પૂર્ણ કરવા માટે ડેડલાઈન નક્કી કરવામાં આવી છે. આગામી સમયથી ૨૦ મે સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની ખાસ સૂચના આપવામાં આવી છે. તમામ કોર્પોરેટરોને તેમના વોર્ડમાં આવતા હોંકારા (ગટરના પોઈન્ટ) અને નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લેવા તેમજ ક્યાંય પણ સુધારા વધારાની જરૂર હોય તો તાત્કાલિક અસરથી પગલાં લેવા માટે સૂચના આપવામાં આવી છે.



## વોર્ડ ઓફિસ બાજુમાં દારૂની કોથળીઓ મળતા હંગામો



સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં શિસ્ત અને સ્વચ્છતા માટે જવાબદાર મનપા તંત્ર જ હવે સવાલોમાં ઘેરાયું છે. રાજકોટ મહાનગરપાલિકાની એક વોર્ડ ઓફિસની બાજુમાં દારૂની ખાલી કોથળીઓ મળી આવતા અનેક પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિક સ્તરે મળતી માહિતી મુજબ, વોર્ડ ઓફિસની આસપાસ મોટી સંખ્યામાં દારૂની ખાલી કોથળીઓ જોવા મળી છે, જેના કારણે આ શંકા ઉભી થઈ છે કે શું વોર્ડ ઓફિસ નજીક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી છે? વધુમાં, કેટલાક લોકો એ પણ સવાલ ઉઠાવી રહ્યા છે કે શું આ સ્થળે જ દારૂ પીવાની પ્રવૃત્તિ થતી હશે?

આ ઘટનાએ મનપા તંત્રની કામગીરી અને દેખરેખ પર પણ પ્રશ્નચિહ્ન મૂકી દીધું છે. ખાસ કરીને ત્યારે, જ્યારે તાજેતરમાં જ મેયર દ્વારા કોર્પોરેટરોને વોર્ડ લેવલ પર નિયમિત ચેકિંગ કરવા સૂચનાઓ આપવામાં આવી છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે જો ખરેખર નિયમિત ચેકિંગ થઈ રહ્યું હોય, તો આવી સ્થિતિ કેવી રીતે સર્જાઈ? હવે જોવાનું રહ્યું કે આ મામલે તંત્ર કોઈ તપાસ હાથ ધરે છે કે નહીં અને જવાબદાર સામે શું કાર્યવાહી કરવામાં આવે છે.

આ ઘટનાએ એક મહત્વનો સવાલ ઊભો કર્યો છે શહેરની વ્યવસ્થા જાળવવા જવાબદાર તંત્ર પોતાના વિસ્તાર પર કેટલી નજર રાખી રહ્યું છે?




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સરકારના ગૃહ વિભાગે રાજ્યના સુરક્ષા માળખાને વધુ મજબૂત બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યની સૌથી મોટી અને સંવેદનશીલ ગણાતી બોર્ડર રેન્જનું વિભાજન કરીને નવી બનાસકાંઠા રેન્જ બનાવવાનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. ભારત-પાકિસ્તાન સરહદ પર વધુ અસરકારક દેખરેખ, ઝડપી પ્રતિસાદ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ સશક્ત બનાવવા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પરિપત્રમાં જણાવાયું છે. હાલની બોર્ડર રેન્જ હેઠળ કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓ આવરી લેવાતા હતા. આ વિસ્તારમાં પાકિસ્તાન સાથે જોડાયેલી આશરે ૪૦૬.૮૭ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ તેમજ ૨૩૮ કિલોમીટર જેટલો દરિયાઈ વિસ્તાર સામેલ હોવાથી કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા સંબંધિત કામગીરીનું અસરકારક સંચાલન પડકારરૂપ બનતું હતું.સરકારે નોંધ્યું કે આટલા વિશાળ ભૌગોલિક વિસ્તારને એક જ રેન્જ હેઠળ સંભાળવાથી મોનિટરિંગ અને સંકલનમાં મુશ્કેલીઓ ઉભી થતી હતી. તેથી રેન્જનું પુનર્ગઠન કરીને સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**બોર્ડર રેન્જમાં અગાઉ સમાવિષ્ટ પાટણ અને બનાસકાંઠાને અલગ કરીને આ નવી રેન્જમાં સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે બોર્ડર રેન્જમાં મોરબીને ભેળવવામાં આવ્યું છે. કચ્છ બોર્ડર રેન્જ કચ્છ પૂર્વ–ગાંધીધામ, કચ્છ પશ્ચિમ–ભુજ, મોરબી પ્રમાણે રહેશે. વિભાજન બાદ રાજકોટ રેન્જમાંથી મોરબીને અલગ કરી દેવાયું છે. નવી રાજકોટ રેન્જમાં રાજકોટ ગ્રામ્ય, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગરનો સમાવેશ કરાયો છે.**

## ભારત–પાકિસ્તાન બોર્ડર પર રહેશે વધુ કડક નજર

ગૃહ વિભાગના આ નિર્ણયથી સરહદી વિસ્તારોમાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓનું સંકલન વધુ અસરકારક બનશે. બોર્ડર વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઘૂસણખોરી, સ્મગલિંગ અને અન્ય સુરક્ષા પડકારો સામે ઝડપી કાર્યવાહી શક્ય બનશે. સરહદ અને દરિયાઈ પટ્ટી પર દેખરેખ વધુ મજબૂત બનવાની અપેક્ષા છે.

## રાજ્ય સરકારનો સુરક્ષા કેન્દ્રિત નિર્ણય

તાજેતરમાં સરહદી સુરક્ષા અને આંતરિક સલામતીને લઈને વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ મહત્વપૂર્ણ વહીવટી ફેરફાર કર્યો છે. નવી બનાસકાંઠા રેન્જ કાર્યરત થતાં સ્થાનિક સ્તરે મોનિટરિંગ, કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થામાં વધુ કાર્યક્ષમતા આવશે.

**અગાઉથી સ્પષ્ટ ચેતવણી; વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા જૈસે થે !**

# લખી રાખજો; ચોમાસામાં રાજકોટમાં 100% પાણી ભરાશે જ !

**5 ઈંચ વરસાદમાં શહેર હાલાકી ભોગવશે**



## વર્ષોથી સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે આવશે ?

**મેઈન રસ્તા બ્લોક થશે**

ટ્રાફિક જામ, સમય અને ઈંધણનો વ્યાપક બગાડ

**સ્કૂલ-કોલેજ જવું મુશ્કેલ બનશે ?**

વિદ્યાર્થીઓ, વાલીઓં અને શિક્ષકોને ભારે હાલાકી

## આ આયોજન કાગળ પર કેમ ? જમીન પર ક્યારે ?


**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર માટે ચોમાસું ફરી એકવાર ચિંતા લઈને આવી રહ્યું છે. તંત્ર દ્વારા આપવામાં આવેલી ચેતવણી મુજબ ભારે વરસાદ પડતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા વધુ વિકરાળ બની શકે છે.શહેરના મુખ્ય માર્ગો, અન્ડરપાસ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે જનજીવન પ્રભાવિત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ ડ્રેનેજ સિસ્ટમ પર ભાર વધતા રસ્તાઓ તળાવ જેવા બની જાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.તંત્રએ નાગરિકોને સાવચેત રહેવા અને જરૂરી હોય ત્યાં જ બહાર નીકળવાની સલાહ આપી છે. સાથે જ, ભારે વરસાદની સ્થિતિમાં ઈમરજન્સી સેવાઓને સજ્જ રાખવા માટે પણ સૂચના આપવામાં આવી છે.સ્થાનિક લોકોમાં ચિંતા એ છે કે દર વર્ષે આવતી આ સમસ્યાનો કાયમી ઉકેલ હજુ સુધી કેમ આવ્યો નથી? ચોમાસા પહેલા પૂરતી તૈયારી છતાં શહેર પાણીમાં ગરકાવ થવાનું ટાળવામાં તંત્ર કેટલી સફળ રહેશે તે જોવું રહ્યું. રાજકોટ માટે ચોમાસું હવે માત્ર વરસાદ નહીં, પરંતુ પરીક્ષા બની ગયું છે. તંત્ર માટે પણ અને નાગરિકો માટે પણ.



## જામનગર રૂરલ ક્રિકેટ એસો.ના મંત્રી સહદેવસિંહ ચુડાસમાના ગંભીર આક્ષેપો

# મોદી સ્ટેડિયમમાં ૩ કરોડના બોક્સમાં શાહ પરિવારનો ઠાઠ?






## શું SACના સભ્યો કે ડિસ્ટ્રીક્ટ એસો.ના સભ્યોને મેચ જોવાનો કોઈ હક નથી ? ચૂડાસમાના આરોપ

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્ર ક્રિકેટમાં પારદર્શિતા મુદ્દે ફરી એકવાર મોટો વિવાદ ઊભો થયો છે. જામનગર રૂરલ ક્રિકેટ એસોસિએશનના મંત્રી સહદેવસિંહ ચુડાસમાએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે અમદાવાદના વિશ્વવિખ્યાત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA) દ્વારા કરોડોની કિંમતનો બોક્સ ખરીદવામાં આવ્યો છે, પરંતુ તેનો લાભ સામાન્ય સભ્યો કે ક્રિકેટરોને મળતો નથી.

તેમના જણાવ્યા મુજબ, અંદાજે ૩ કરોડથી વધુ ખર્ચે ખરીદાયેલા આ બોક્સમાં ૨૫ બેઠકોની વ્યવસ્થા છે અને તેનો ઉપયોગ મહત્વની મેચો જેમ કે IPL ફાઈનલ અને આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ દરમિયાન થાય છે. જોકે, આ બોક્સમાં માત્ર નિરંજન શાહ અને તેમના પરિવારજનોને જ પ્રાથમિકતા આપવામાં આવે છે તેવી ગંભીર ફરિયાદ ઉઠાવવામાં આવી છે.ચુડાસમાએ સવાલ ઉઠાવ્યો કે, "શું SCA ના સામાન્ય સભ્યો કે ડિસ્ટ્રિક્ટ એસોસિએશનના સભ્યોને મેચ જોવા કોઈ હક નથી?" તેમણે વધુમાં જણાવ્યું કે, આ બોક્સ અને મોંઘી ટિકિટો માટેનો ખર્ચ SCA ના ફંડમાંથી કરવામાં આવે છે, જે સભ્યોના પૈસાથી ચાલતી સંસ્થા છે. છતાં, સામાન્ય સભ્યોને ક્યારેય આ સુવિધાનો લાભ મળતો નથી.આ સાથે ચુડાસમાએ દાવો કર્યો છે કે દરેક મેચમાં શાહ પરિવારના સગા-સંબંધીઓ, મિત્રો અને નજીકના લોકો જ બેસતા જોવા મળે છે. તેઓએ પુરાવા સાથે આ મુદ્દો ઉઠાવવાનો પણ દાવો કર્યો છે અને અન્ય ડિસ્ટ્રિક્ટ એસોસિએશનના સભ્યોને પણ અવાજ ઉઠાવવા અપીલ કરી છે.આ સમગ્ર મામલે હવે સવાલો ઊભા થઈ રહ્યા છે કે, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનમાં પારદર્શિતા ક્યાં છે? સભ્યોના પૈસે બનેલી સુવિધાનો લાભ માત્ર થોડા લોકો સુધી જ કેમ સીમિત છે?

| | | |
|---|---|---|
| Inter NCA Boys Camp | 79,49,883.95 | - |
| Irani Trophy Tournment Expenses | 10,44,846.00 | 13,41,794.59 |
| Irani Trophy Tournment Expenses (GST) | 67,26,377.00 | 42,24,042.53 |
| IPL Expenses | 1,88,503.28 | 1,52,860.54 |
| IPL Expenses (GST) | 5,88,781.00 | 13,09,731.25 |
| IPL Final Ticket Expenses | 9,23,000.00 | 3,38,500.00 |
| Khandheri Stadium - Wicket & Turf Maintenance | - | 4,16,909.00 |
| Long Lease - Dulip Cricket Ground | - | 90,21,601.00 |
| Meeting & Seminar | 77,973.00 | 10,300.00 |
| Men's U19 Inter State Invitation Tournament Exp | 1,00,000.00 | - |

### એસો.ના પૈસે બનેલી સુવિધાનો લાભ માત્ર થોડા લોકો સુધી જ કેમ સિમિત છે?



51,000 ની ઠગાઈ સ્કીમ ફેલ
શિવ સાક્ષાતકાર નીકળી બોગસ

# ગુડ વર્ક વિજ્ઞાન જાથા

# જામનગરની મહિલાનો 'શિવ સાક્ષાતકાર' નો ભાંડાફોડ

## મમતા દવેએ સોશિયલ મીડિયા પર પોતે ભગવાન શિવ સાથે વાતચીત કરે છે, ભવિષ્ય જાણે છે તે દેશનું નેતૃત્વ કરશે જેવા દાવા કર્યા હતા



સિટી ન્યૂઝ@જામનગર

જામનગરમાં પોતાને શિવજીનો સાક્ષાત્કાર થયો હોવાના અને પોતે આગામી વડાપ્રધાન બનશે તેવા મોટા-મોટા દાવાઓ કરતી ૧ મહિલાનો ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા સત્તાવાર રીતે પર્દાફાશ કરવામાં આવ્યો છે. વિજ્ઞાન જાથાની ટીમે પોલીસની મદદથી મહિલાના ઘરે ધસી જઈને તેના માનસિક ભ્રમ અને ઢોંગને ખુલ્લા પાડ્યા હતા, જેના અંતે મહિલાએ પોતાનો ગુનો કબૂલીને જાહેરમાં માફી માંગી લીધી છે.

સ્વામિનારાયણ નગરમાં રહેતી મમતા દવે નામની ૯ ધોરણ પાસ મહિલાએ સોશિયલ મીડિયા પર એવો ભ્રમ ફેલાવ્યો હતો કે સપ્ટેમ્બર ૨૦૨૨ માં તેને શિવજીનો સાક્ષાત્કાર થયો છે અને હવે નરેન્દ્ર મોદી પછી તે પોતે દેશની વડાપ્રધાન બનશે. આગામી ચૂંટણીમાં ગુજરાત સરકાર હારી જશે અને પોતે ૨૪ કલાકમાં દેશના પ્રાણપ્રશ્નો ઉકેલી અમેરિકાથી પણ ભારતને આગળ લઈ જશે તેવા હાસ્યાસ્પદ દાવાઓ કર્યા હતા. પોતાની અહિંસક સત્યાગ્રહ પાર્ટીમાં સદસ્યતા માટે ૫૧૦૦૦ રૂપિયા અને વાતચીત કરવા માટે ૧૦૦૧ થી ૫૦૦૧ રૂપિયાની ફી પણ નક્કી કરી હતી. તે ભૂત-ભવિષ્ય જાણી શકે છે અને શરીરમાં ૧૧૪ પ્રકારની મુદ્રાઓ સ્થાપિત છે તેવો દાવો કરી લોકોમાં અંધશ્રદ્ધા ફેલાવી રહી હતી.

આ બાબતની જાણ વિજ્ઞાન જાથાના કાર્યાલયમાં થતાં ચેરમેન જયંત પંડ્યાએ પોલીસ બંદોબસ્તની માંગણી કરી હતી. સીટી ડીવાય.એસ.પી. જયવીર ઝાલા અને સીટી બી-ડિવિઝન પોલીસની મદદથી જાથાની ટીમ મમતા દવેના ઘરે પહોંચી હતી અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી.

પોલીસ સ્ટેશનમાં જયંત પંડ્યાએ કાયદાકીય રીતે ગુનો બનતો હોવાની વાત કરતા જ અગાઉ મોટા દાવાઓ કરતી મહિલા ભાંગી પડી હતી અને રડવા લાગી હતી. સતત બોલતી અને માનસિક વાલોપાત ધરાવતી આ મહિલાએ પોતાની ભૂલ કબૂલી લીધી હતી અને સ્વેચ્છાએ કબૂલાતનામું લખી આપી, પોતાના તમામ દાવાઓ બોગસ હોવાનું સ્વીકારી લોકોની માફી માંગી લીધી હતી.

વિજ્ઞાન જાથાની તપાસમાં સામે આવ્યું કે ૧૦ વર્ષથી છૂટાછેડા લઈને એકલી રહેતી આ મહિલા પોતે જીવનમાં ક્યારેય સફળ થઈ નહોતી, પરંતુ બીજાના ભૂત-ભવિષ્ય જાણવાના દાવા કરતી હતી. પોલીસ અને જાથાના સમજાવટથી આ સમગ્ર મામલો થાળે પડ્યો હતો. આ ૧૨૮૭ મો સફળ પર્દાફાશ કરવા માટે ગુલાબસિંહ ચૌહાણ, રોમિત રાજદેવ, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, ભક્તિ રાજગોર, ભાવના વાઘેલા અને ભાનુ શેઠીયા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

## વોર્ડ નં. 12માં વાવડી ગામ ગેટથી પુનિતનગર 150 ફૂટ રિંગરોડ સુધી અંધારૂ

**8 દિવસનું પ્રજાનું અલ્ટિમેટમ નહીં તો જોવા જેવી**

# રિબન કાપવાની રાહમાં એક મહિનાથી અંધારૂ; લોક ત્રસ્ત

## મનપાએ હંમેશા લોકોની સુખાકારી વિચારવાની હોય પણ લોકોને વધુ મુશ્કેલ કેમ પડે તે ઘાટ ચાલી રહ્યો છે





**સિટી ન્યૂઝ@રાજકોટ**

વોર્ડ નં. ૧૨ના વાવડી ગામ ગેટથી પુનિતનગર ૧૫૦ ફૂટ રિંગ રોડ સુધીની સેન્ટર લાઈટ છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

માહિતી મુજબ, લાઈટ અંગે ઘણી વખત ફરિયાદો કરવામાં આવી છે અને ટેસ્ટિંગ પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે, છતાં માત્ર લોકાર્પણ માટે રિબન કાપવાનું બાકી હોવાથી લાઈટ શરૂ કરવામાં આવી નથી.

આ માર્ગ પર રોજ હજારો લોકોની અવરજવર રહેતી હોવા છતાં અંધારાના કારણે અકસ્માતની ભીતિ ઊભી થઈ છે. સ્થાનિક રહેવાસીઓ અને આજુબાજુની સોસાયટીના આગેવાનોમાં અસંતોષ વધી રહ્યો છે.

સ્થાનિક આગેવાનોનું કહેવું છે કે જો આગામી ૮ દિવસમાં લાઈટ ચાલુ કરવામાં નહીં આવે, તો તેઓ જાતે જ લાઈટનો ઘોડો (સ્વિચ) ચાલુ કરી દેશે.

આ મુદ્દે મનપા તંત્ર સામે સવાલો ઊભા થયા છે કે ટેસ્ટિંગ પૂર્ણ થયા બાદ પણ લોકોની સુવિધા માટે લાઈટ શરૂ કરવામાં શા માટે વિલંબ થઈ રહ્યો છે.

## ગ્રાન્ટ તુરંત મળે તો જ શક્ય, બાકી વરસાદની સિઝન કામ થશે નહીં

# સાતમ-આઠમનો લોકમેળો બદલાશે?

## નવું સરનામું અટલ સરોવર પાસે!




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં દર વર્ષે શ્રાવણ માસમાં રેસકોર્સ મેદાન ખાતે યોજાતા પરંપરાગત સાતમ-આઠમના લોકમેળાના સ્થળમાં આ વર્ષે મોટા ફેરફારની શક્યતા ઊભી થઈ છે.

જિલ્લા કલેક્ટરે સ્માર્ટ સિટી વિસ્તારમાં અટલ સરોવર નજીક આવેલી જમીન પર લોકમેળો યોજવાની તૈયારીઓ શરૂ કરી છે. આ જમીનને સમથળ બનાવવા અને પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા માટે કલેક્ટર દ્વારા સરકાર સમક્ષ અંદાજે ૧૮ કરોડ રૂપિયાની માતબર ગ્રાન્ટની માંગણી કરવામાં આવી છે.

માહિતી મુજબ, આ જ જમીનને સમથળ કરવા માટે અગાઉ તત્કાલીન કલેક્ટર પ્રભવ જોશીના સમયમાં સરકાર પાસે ૧૨ કરોડની ગ્રાન્ટ માંગવામાં આવી હતી. જોકે, માત્ર ૧ જ વર્ષના ટૂંકા ગાળામાં આ રકમમાં ૬ કરોડ રૂપિયાનો નોંધપાત્ર વધારો માંગીને ૧૮ કરોડની માંગણી કરવામાં આવતા વહીવટી વર્તુળોમાં પ્રશ્નો ઊભા થયા છે. જો રાજ્ય સરકાર દ્વારા આ ગ્રાન્ટ તુરંત મંજૂર કરવામાં આવશે, તો આગામી લોકમેળો ન્યૂ રેસકોર્સ મેદાનમાં યોજાય તેવી ૫૦ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી છે. ગત વર્ષે સ્થાનિક ધારાસભ્યો દર્શિતા શાહ અને રમેશ ટીલાળા સહિતના જનપ્રતિનિધિઓ દ્વારા ટ્રાફિક સમસ્યાને ધ્યાને લઈ લોકમેળાનું સ્થળ બદલવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

જોકે, નવું સ્થળ નક્કી કરવામાં કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ પણ રહેલી છે. હાલ ૧૫૦ ફૂટ રિંગરોડ-૨ ના બીજા તબક્કાનું કામ હજુ અધૂરું છે, જેનાથી મેળામાં આવતા લાખો લોકો માટે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ શકે છે. આ ઉપરાંત, જો સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં મોડું થશે, તો વરસાદની સિઝન શરૂ થઈ જવાથી નવી જગ્યા પર જમીન સમથળ કરવાનું કામ શક્ય બનશે નહીં. જો જમીન તૈયાર નહીં થાય તો તંત્રને નાછૂટકે જૂના રેસકોર્સ મેદાનમાં જ લોકમેળો યોજવો પડશે.

હવે સૌની નજર રાજ્ય સરકારના નિર્ણય પર છે કે ગ્રાન્ટ સમયસર ફાળવાય છે કે નહીં.

### ₹18 કરોડ ની ગ્રાન્ટની માંગ

- જિલ્લા કલેક્ટરે રાજ્ય સરકાર પાસેથી ₹18 કરોડની ગ્રાન્ટની માંગણી કરી
- અટલ સરોવર પાસે આવેલી જમીન સમથળ કરવા માટે પ્રસ્તાવ મોકલાયો
- સરકાર ગ્રાન્ટ ફાળવશે તો આગામી લોકમેળો ન્યૂ રેસકોર્સ મેદાનમાં યોજાશે

### મુશ્કેલીઓ પણ ઓછી નથી





- રિંગરોડ-૨ના બીજુ તબક્કાનું કામ હજુ અધૂરું છે.
- જો ચોમાસું નજીક આવી જશે અને ગ્રાન્ટ મંજૂરીમાં વિલંબ થશે તો જમીન વિકાસનું કામ સમયસર પૂર્ણ કરવું મુશ્કેલ બની શકે છે.
- નિષ્ણાતોનું માનવું છે કે વરસાદી મોસમ શરૂ થયા પછી મોટા પાયે સમયલીકરણ અને ઈન્ફાસ્ટ્રક્ચરનું કામ કરવું સરળ રહેશો નહીં.

### હવે નજર સરકારના નિર્ણય પર

રાજકોટના લોકમેળાને નવું સરનામું મળશે કે નહીં તે હવે રાજ્ય સરકારના નિર્ણય પર નિર્ભર છે. ગ્રાન્ટ ફાળવાશે તો અટલ સરોવર વિસ્તાર નવો મેળા ગ્રાઉન્ડ બની શકે છે, અન્યથા હાલનું આયોજન યથાવત્ રહેવાની શક્યતા વધુ છે.



> "ગ્રાન્ટ મળશે તો લોકમેળાનું નવું સરનામું, નહીં મળે તો હાલનું મેદાન યથાવત્."

## ગુજરાત વાયર ફ્રી સિટી મિશનને સૈધ્ધાંતિક મંજૂરી

# રાજકોટ 2030માં ‘વાયર ફ્રી’ બનશે

## 17 મહાપાલિકા અને 151 નગરપાલિકા વાયર ફ્રી બનાવાની યોજના




**સિટી ન્યૂઝ@રાજકોટ**


ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને કેબિનેટ બેઠક યોજાઈ હતી.જેમાં વડાપ્રધાન મોદીના ગ્રીન અને સ્માર્ટ સિટીના વિઝનને સાકાર કરતા ગુજરાત વાયર ફ્રી સિટી મિશનને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.આ નિર્ણય અંગે મીડિયા સાથે સંવાદ કરતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વાયર ફ્રી સિટી મિશન હેઠળ વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્યના તમામ શહેરોને તબક્કાવાર વાયર ફ્રી બનાવવામાં આવશે. આ મહત્વાકાંક્ષી મિશનના પ્રારંભિક તબક્કા માટે રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે.

પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, આ મિશન હેઠળ રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકાઓ તથા ૧૫૧ નગરપાલિકા વિસ્તારોને આવરી લેવામાં આવશે.જે રાજ્યના શહેરી વિસ્તારોની સુંદરતા અને સુરક્ષામાં નોંધપાત્ર વધારો કરશે.વાયર ફ્રી મિશન અંતર્ગત શહેરોમાં હાલ અસ્તિત્વ ધરાવતા ઓવરહેડ વીજ વિતરણ નેટવર્કને સંપૂર્ણપણે

### હાઈ ટેન્શન ઓવરહેડ નેટવર્ક અને લો ટેન્શન ઓવરહેડ નેટવર્કને તબક્કાવાર ભૂમિગત કરાશે

અંડરગ્રાઉન્ડ એટલે કે, ભૂમિગત કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવશે. જેમાં ૧૪૬૦૦ સર્કિટ કિલોમીટરથી વધુ હાઈ ટેન્શન ઓવરહેડ નેટવર્ક અને ૩૧૪૦૦ સર્કિટ કિલોમીટરથી વધુ લો ટેન્શન ઓવરહેડ નેટવર્કને તબક્કાવાર ભૂમિગત કરાશે.

આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૧૧ કે.વી. ઓવરહેડ લાઈનોને અને ત્યારબાદ લો ટેન્શન લાઈનોને ભૂમિગત કેબલમાં રૂપાંતરિત કરવામાં આવશે.અંડરગ્રાઉન્ડ કેબલિંગ થવાથી વાવાઝોડા જેવી કુદરતી આફતો વખતે વાયર તૂટવાની કે શોર્ટ સર્કિટ થવાની દુર્ઘટનાઓ અટકી જશે. આ ઉપરાંત ટેકનિકલ ફોલ્ટનું પ્રમાણ ઘટવાથી નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત અને કોઈપણ પ્રકારના અવરોધ વિના અવિરત વીજળી પ્રાપ્ત થશે. ગુજરાત વાયર ફ્રી સિટી મિશન એ માત્ર વીજ લાઈનો બદલવાનો સામાન્ય પ્રોજેક્ટ નથી. પરંતુ ૨૧મી સદીના સ્માર્ટ,સુંદર અને સેફ ગુજરાતના નિર્માણની દિશામાં અમારી સરકારનું એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ પગલું છે.



## દેશની કરન્સી કમજોર; શું સરકાર સંપૂર્ણ રીતે નિષ્ફળ ગઈ ?

# એશિયામાં ભારત રૂપિયો ખરાબ સ્થિતિમાં ભારત કરતા પાકિસ્તાનનો રૂપિયો મજબૂત થયો



■ 2014 પછી છેલ્લા 12 વર્ષમાં રૂપિય 61% તૂટ્યો એટલે કે દર વર્ષે સરેરાશ 5% ઘટ્યો

■ દુનિયાનો 88% કારોબાર ડોલરમાં થાય છે એટલે તમામ દેશો ડોલર રાખવા ઈચ્છે છે

## 2004 થી 2014ની વચ્ચે 10 વર્ષમાં ડોલરની સામે રૂપિયો 45 થી ઘટીને 59 સુધી પહોંચ્યો 31.1% ઘટ્યો સરેરાશ વર્ષે 3%નો ઘટાડો

## રૂપિયો કેમ તૂટી રહ્યો છે? ટોપ એક્સપટ્ર્સના 10 મોટા કારણો

**૧. ક્રૂડ ઓઈલનો ઝટકો**

"ભારત ૮૫% થી વધુ ઓઈલ આયાત કરે છે. ઓઈલ મોંઘું થાય એટલે વધુ ડોલર ખર્ચાય અને રૂપિયો નબળો પડે."- ICRA

**૨. વિદેશી રોકાણકારોની ભાગદોડ**

"૨૦૨૫-૨૬માં FIIએ લાખો કરોડ રૂપિયાના રોકાણ પાછા ખેંચ્યા. ડોલર બહાર ગયો અને રૂપિયો તૂટ્યો."- ડૉ. શરદ કોહલી

**૩. FDIમાં ઐતિહાસિક ઘટાડો**

નેટ FDI ૨૮ અબજ ડોલરથી ઘટીને માત્ર ૧ અબજ ડોલર રહ્યો. ભારતમાં ડોલર આવવાનું બંધ થતું ગયું.

**૪. રૂપિયો વધુ ઘટશે એવી અટકળો**

"ટ્રેડર્સ અને રોકાણકારો રૂપિયો વધુ તૂટશે એવી શરત લગાવી રહ્યા છે, જેનાથી ઘટાડો વધુ તેજ બન્યો."- ડૉ. જયતિ ઘોષ

**૫. એક્સપોર્ટર્સે ડોલર રોકી રાખ્યા**

"નિકાસકારો ડોલર દેશમાં લાવવાને બદલે બહાર જ રાખી રહ્યા છે, જેથી પછી વધુ રૂપિયા મળી શકે."- પ્રો. અરુણ કુમાર

**૬. ભારતની અર્થવ્યવસ્થા પર વિશ્વાસ ઘટ્યો**

"ટેરિફ, GDP આંકડાઓ પર સવાલો અને વૈશ્વિક અનિશ્ચિતતાએ રોકાણકારોનો ભરોસો હલાવ્યો."- પ્રો. અરુણ કુમાર

**૭. ડોલર દુનિયાભરમાં મજબૂત બન્યો**

"યુદ્ધ અને વૈશ્વિક તણાવ વચ્ચે રોકાણકારો સલામત આશ્રય તરીકે ડોલર ખરીદી રહ્યા છે."

**૮. AI અને નવી ટેકનોલોજીમાં ભારત પાછળ**

"અમેરિકા AI પર ૫૦૦ અબજ ડોલર અને ચીન ૮૦ અબજ ડોલર ખર્ચે છે, ભારત માત્ર ૨ અબજ."- પ્રો. અરુણ કુમાર

**૯. મેન્યુફેક્ચરિંગમાં નબળાઈ**

ભારત હજુ કન્ઝ્યુમર માર્કેટ છે. દુનિયાને વેચવા માટે પૂરતું ઉત્પાદન નથી.- ડૉ. શરદ કોહલી

**૧૦. આયાત વધુ, નિકાસ ઓછી**

૨૦૨૫-૨૬માં ભારતે ૧૧૯ અબજ ડોલર વધુ ખરીદ્યું અને ઓછું વેચ્યું. આ સૌથી મોટું દબાણ છે.

### રૂપિયાની હાલત અત્યંત ખરાબ

| દેશ | કરન્સી | 1 જાન્યુઆરી 2026 | 3 જૂન 2026 | ફેરફાર (%) |
|---|---|---|---|---|
| ઇન્ડોનેશિયા | ઇન્ડોનેશિયન રૂપિયો | 16,668 | 17,961.7 | -7.8 |
| ભારત | ભારતીય રૂપિયો | 89.96 | 95.7 | -6.4 |
| દ. કોરિયા | સા. કોરિયન વોન | 1,443.64 | 1,529.2 | -5.9 |
| ફિલિપાઇન્સ | ફિલિપાઇન પેસો | 58.9 | 61.7 | -4.8 |
| થાઇલેન્ડ | થાઇ બાટ | 31.48 | 32.7 | -3.9 |
| જાપાન | જાપાનીઝ યેન | 156.87 | 159.6 | -1.7 |
| બાંગ્લાદેશ | બાંગ્લાદેશી ટાકા | 120.8 | 122.7 | -1.6 |
| હોંગકોંગ | હોંગકોંગ ડોલર | 7.79 | 7.84 | -0.6 |
| તાઇવાન | ન્યુ તાઇવાન ડોલર | 31.3 | 31.45 | -0.5 |
| વિયેતનામ | વિયેતનામી ડોંગ | 26,295 | 26,346 | -0.2 |
| પાકિસ્તાન | પાકિસ્તાની રૂપિયો | 279.8 | 278.4 | + 0.5 |
| સિંગાપોર | સિંગાપુર ડોલર | 1.29 | 1.28 | + 0.8 |
| મલેશિયા | મલેશિયન રિંગિટ | 4.05 | 3.99 | + 1.5 |
| ચીન | યુઆન | 7 | 6.76 | + 3.4 |

## સરકારની 3 મોટી ચૂક

**R&D પર ઓછો ખર્ચ**

"નવી ટેકનોલોજી નહીં બનાવીએ તો ડોલર ક્યાંથી કમાશું?"
- પ્રો. અરુણ કુમાર

**મેન્યુફેક્ચરિંગમાં નબળું પ્રદર્શન**

"મેક ઇન ઇન્ડિયા અપેક્ષા મુજબ પરિણામ આપી શક્યું નથી."
- ડૉ. શરદ કોહલી

**ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ખામીઓ**

"વધુ ઉત્પાદન અને ઝડપી લોજિસ્ટિક્સ વગર રૂપિયો મજબૂત બની શકતો નથી."

# મૃતદેહને રોકી રાખવાનો અધિકાર નથી!




શું કહે છે કાનુન

# જો બિલ બાકી હોય તો હોસ્પિટલ મૃતદેહ સોંપવાનો ઈન્કાર કરી શકે નહીં




- કોઈ હોસ્પિટલ આવું કૃત્ય કરે તો તેની સામે બંધક બનાવવાના કેસ હેટળ કાનુની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે
- બંધારણ અનુચ્છેદ 21 હેઠળ કોઈ પણ મૃત વ્યક્તિના શરીરને ગૌરવપૂર્ણ અંતિમ સંસ્કારનો સંપૂર્ણ અધિકાર છે જેને છીનવી શકાતો નથી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઘણીવાર એવું જોવા મળે છે કે દર્દીના મૃત્યુ પછી, હોસ્પિટલ મેનેજમેન્ટ બાકી બિલ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી મૃતદેહ પરિવારને સોંપવાનો ઈનકાર કરે છે. આ દુખના સમયમાં, સામાન્ય લોકો આ મનમાનીના વર્તન સામે લાચાર છે અને તેમને લોન લેવાની અથવા બિલ ચૂકવવા માટે વિનંતી કરવાની ફરજ પાડવામાં આવે છે.

પરંતુ શું તમે જાણો છો કે કાયદેસર રીતે, કોઈ પણ હોસ્પિટલ બાકી રકમ ચૂકવવા બદલ મૃત વ્યક્તિના મૃતદેહને બંધક બનાવી શકતી નથી?ભારતીય ન્યાયતંત્ર અને માનવાધિકારો અનુસાર, આ એક ખૂબ જ ગંભીર અને ગેરકાયદેસર કૃત્ય છે.

ચાલો, સરળ શબ્દોમાં આ મુદ્દા પર દેશની કોર્ટના ચુકાદાઓ અને સામાન્ય નાગરિકને કયા કાનૂની અધિકારો છે તેના વિશે વાત કરીએ.

દિલ્હી હાઈકોર્ટે ૨૦૧૬ના એક કેસની સુનાવણી વખતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, જો હોસ્પિટલોને દર્દીના મૃત્યુ પછી બાકી બિલ વસૂલવા માટે તેના મૃતદેહને રોકવાનો અધિકાર નથી.


જો કોઈ હોસ્ટિલ આવું કૃત્ય કરે છે. તો તેને બંધક બનાવવાના કેસ હેઠળ કાનુની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ, કોઈપણ મૃત વ્યક્તિના શરીરને ગૌરવપૂર્ણ અંતિમ સંસ્કારનો સંપૂર્ણ અધિકાર છે, જેને છિનવી શકાતો નથી.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ પેશેન્ટ રાઈટ્સ ચાર્ટરમાં સ્પષ્ટ રુપથી લખ્યું કે, બિલ પેન્ડિંગ હોય તો પણ શરીરને રોકી શકાતું નથી.હોસ્પિટલને પોતાના પૈસા વસુલ કરવા માટે પરિવારના લોકો પર દબાવ બનાવવો કે મૃતદેહને રોકવા કરતા સિવિલ કોર્ટ દ્વારા કાનુની પ્રકિયા અપનાવવાનો અધિકાર છે.

હોસ્પિટલ વહીવટીતંત્ર કાયદેસર રીતે મૃતકના મૃતદેહને તાત્કાલિક પરિવારને સોંપવા માટે બંધાયેલું છે, તેઓ તેને કોઈપણ શરતે રોકી શકતા નથી.જો હોસ્પિટલ મૃતદેહ આપવાની ના પાડે તો તમે તરત આ પગલું લઈ શકો છો. આવી સ્થિતિમાં સ્થાનિક પોલીસને બોલાવવી જોઈએ. તેમજ નજીકના પોલીસ સ્ટેશન પર જઈ હોસ્પિટલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી શકો છો.

આ હોસ્પિટલના દુષ્કર્મ અંગે તમે જિલ્લા મુખ્ય તબીબી અધિકારી અથવા રાજ્ય માનવ અધિકાર આયોગને પણ ફરિયાદ કરી શકો છો.જો તાત્કાલિક પૈસાની વ્યવસ્થા ન થઈ શકે, તો હોસ્પિટલને પછીથી ચૂકવણી કરવાનું લેખિત વચન આપીને મૃતદેહની માંગણી કરો.

હોસ્પિટલ ફક્ત મૃતકના કાનૂની વારસદારોને બાકી રકમ માટે નોટિસ મોકલી શકે છે અથવા કોર્ટમાં સિવિલ દાવો દાખલ કરી શકે છે.



### આશાનો દિવો; સેવાની સુગંધથી મહેકતું શિક્ષણ મંદિર

# શિક્ષણ નહીં, સેવા

## બાળકો માટે સ્વર્ગ સમાન

# પંચનાથ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ

## વર્ષમાં 6000 ફીમાં ભવિષ્ય ઘડતી રાજકોટની એકમાત્ર સ્કૂલ







જે વિદ્યાર્થી ગેરહાજર રહ્યા વગર સ્કૂલે આવે તો ફી પરત



બપોરે તમામ વિદ્યાર્થીઓને જમવાનું તો ખરૂં જ

## 6000ની ફી સાથે બે જોડી યુનિફોર્મ, બૂટ–મોજા, નોટબૂક બધૂંય સ્કૂલ તરફથી આપવામાં આવે છે


**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પંચાન્ત મંદિર સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ અંગ્રેજી માધ્યમ સ્કૂલનું નામ આજે સાચે જ આશા અને સેવા સાથે જોડાઈ ગયું છે. જ્યારે આજના સમયમાં શિક્ષણ દિવસ પ્રતિદિવસ મોંઘું બની રહ્યું છે, ત્યારે અહીંથી એક અનોખી અને પ્રેરણાદાયી કહાની સામે આવી રહી છે.

આ સ્કૂલમાં નર્સરીથી ધોરણ ૪ સુધીના બાળકોને માત્ર ૬૦૦૦ વાર્ષિક ફીમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવે છે. આજના સમયમાં જ્યાં એક સામાન્ય સ્કૂલમાં ફી હજારોમાં નહીં પરંતુ લાખોમાં પહોંચે છે, ત્યાં આ પહેલ ખરેખર મધ્યમ વર્ગ માટે આશીર્વાદ સમાન છે. ફી સાથે જ વિદ્યાર્થીઓને બે જોડી યુનિફોર્મ, બૂટ-મોજાં, નોટબુક અને સ્ટેશનરી આપવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ બાળકોને બપોરે પોષણયુક્ત અને સ્વાદિષ્ટ ભોજન પણ પૂરું પાડવામાં આવે છે. એક બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી દરેક બાબત અહીં ધ્યાનમાં લેવામાં આવી છે. આ પહેલને વધુ અનોખી બનાવે છે તે નિયમ જે વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન સંપૂર્ણ હાજરી રાખે છે, તેમની ફી પરત કરવામાં આવે છે. આથી બાળકોમાં નિયમિતતા અને શિસ્તનું સંસ્કાર પણ વિકસે છે. પૂર્વ કોર્પોરેટર દેવાંગ માકડ અને તેમની ટીમની મહેનત અને સેવા ભાવનાનું આ સુંદર પરિણામ છે. તેમની આ કામગીરી એ સાબિત કરે છે કે સાચી ઈચ્છા અને સંકલ્પ હોય તો સમાજ માટે ઘણું કરી શકાય છે. આવી મોંઘવારી વચ્ચે, જ્યાં માતા-પિતાઓ માટે બાળકોનું ભણતર ભાર બની ગયું છે, ત્યાં રાજકોટની આ સ્કૂલ સાચે જ “વિદ્યાર્થીઓ માટે સ્વર્ગ” સમાન બની છે. આ માત્ર એક સ્કૂલ નથી, પરંતુ સમાજ માટે એક પ્રેરણા છે કે શિક્ષણ સેવા પણ બની શકે છે, વ્યવસાય જ નહીં.

# શિક્ષકો ઉપર ઘાત !

## ટ્રક-કાર વચ્ચે અકસ્માત પોરબંદરના શિક્ષકનું મોત



### ધંધુકા-રાણપૂર રોડ પર પરિવારની નજર સામે જ ઘરના મોભીનું મોત

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ધંધુકા-રાણપુર રોડ પર આજે (૪ જૂન) એક કાળજું કંપાવી દેનારો ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. કિશાન જીન નજીક એક બેકાબૂ ટ્રક અને કાર વચ્ચે સર્જાયેલી ધડાકાભેર ટક્કરમાં કારના કુરચેકુરચા ઉડી ગયા હતા. આ ભયાનક દુર્ઘટનામાં ૩૫ વર્ષના યુવાન શિક્ષકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે મૃતકની પત્ની અને માસૂમ પુત્ર સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. શાળાનું વેકેશન પૂરું થતાં ભોગ બનનાર પરિવાર સામાન ભરીને પોરબંદરથી નોકરીના સ્થળે લીમખેડા જઈ રહ્યો હતો ત્યારે આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો.

મૃતકનું નામ

મોહન પરબતભાઈ વાસણ (ઉં.વ.૩૫)

ઈજાગ્રસ્તોના નામ

લક્ષ્મી મોહનભાઈ વાસણ (પત્ની, ઉં.વ.૩૦)

જાસ્મિન મોહનભાઈ વાસણ (પુત્ર, ઉં.વ.૦૪)

ધનંજય (મૃતકના મામાનો દીકરો)

(તમામ રહે. અમીપુર ગામ, તા.કુતિયાણા, જિ.પોરબંદર)

પરિવારે નજર સામે જ મોભી ગુમાવતાં ચીસાચીસ મચી

અકસ્માત એટલો ભયાવહ હતો કે, કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. આ અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. જ્યારે સ્થાનિક લોકો અને ઈમરજન્સી સેવાઓ દ્વારા તમામ ઘાયલ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. પરિવારે નજર સામે જ મોભી ગુમાવતાં ચીસાચીસ મચી ગઈ હતી.

## ધોળકામાં વસતી ગણતરીના કામે ગયેલી શિક્ષિકાની ક્રૂર હત્યા

### નર્મદા કેનાલ પાસેથી અર્ધનગ્ન હાલતમાં સળગેલો મૃતદેહ મળ્યો



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાંથી એક અત્યંત ચોંકાવનારી અને હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે. કેલિયા વાસણા અને શેખડી ગામની વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલના પાળા પરથી એક મહિલા શિક્ષિકાનો અર્ધ નગ્ન અને સળગાવેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ જ આ મામલો ઘાતકી હત્યાનો હોવાનું જણાઈ રહ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક મહિલાની ઓળખ રીનાબેન બળદેવભાઈ ઝાલા તરીકે થઈ છે. તેઓ મૂળ બદરખા ગામના વતની હતા અને હાલ ધોળકાના કલીકુંડ સ્થિત બાલાજી સ્ક્વેર ખાતે પરિવાર સાથે રહેતા હતા. રીનાબેન ચલોડા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા.ગત રોજ તેઓ કેલિયા વાસણા ગામમાં સરકારી વસ્તી ગણતરીની કામગીરી માટે ગયા હતા. જો કે, મોડી સાંજ સુધી તેઓ ઘરે પરત ન ફરતા ચિંતિત બનેલા પરિવારે ધોળકા રૂરલ પોલીસ સ્ટેશનમાં તેમના ગુમ થવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.આ ભયાનક ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે નર્મદા કેનાલની નજીક આવેલા ખેતરમાં રહેતા એક સ્થાનિક ખેડૂત ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમની નજર કેનાલના પાળા પર પડેલા અર્ધ નગ્ન સળગેલા મૃતદેહ પર પડતા જ તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે તાત્કાલિક ધોળકા રૂરલ પોલીસને આ અંગે જાણ કરી હતી, જેના પગલે પોલીસનો ઉચ્ચ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. હત્યારો અજાણ્યો ઈસમ મહિલાની ક્રૂરતાપૂર્વક હત્યા કર્યા બાદ, પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને સળગાવીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હોવાની આશંકા સેવાઈ રહી છે.

## રિયલ એસ્ટેટમાં રેકોર્ડ: 5 વર્ષમાં પ્રોપર્ટીના ભાવ ડબલ

# Gift Cityમાં લક્ઝરી એપાર્ટમેન્ટ 17 કરોડમાં વેંચાયો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

દેશના પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર (IFSC) તરીકે વૈશ્વિક સ્તરે ડંકો વગાડનાર ગાંધીનગરની GIFT City (ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટી) માં રિયલ એસ્ટેટ ક્ષેત્રે અત્યાર સુધીનો સૌથી મોંઘો અને ઐતિહાસિક રહેણાંક સોદો નોંધાયો છે. શિવાલિક ગ્રુપ દ્વારા વિકસાવવામાં આવી રહેલા હાઈ-એન્ડ પ્રોજેક્ટ 'Prsent The GIFT Riverfront Residency' માં એક અલ્ટ્રા-લક્ઝરી એપાર્ટમેન્ટ રેકોર્ડબ્રેક ૧૭ કરોડમાં વેચાયો છે. રિયલ એસ્ટેટના નિષ્ણાતોના મતે, આ મેગા ડીલ સાથે જ ગિફ્ટ સિટીમાં સત્તાવાર રીતે 'અલ્ટ્રા-લક્ઝરી હાઉસિંગ સેગમેન્ટ'નો ભવ્ય ઉદય થયો છે.



અત્યાર સુધી વૈશ્વિક સ્તરે માત્ર બિઝનેસ, બેન્કિંગ અને ફાઈનાન્સના હબ તરીકે ઓળખાતી ગિફ્ટ સિટી હવે હાઈ-નેટ-વર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (HNIs) અને ઉચ્ચ વ્યાપારીઓ માટે રહેવા માટેનું પણ મનપસંદ સરનામું બની રહી છે. રિયલ એસ્ટેટ બજારના સત્તાવાર આંકડાઓ અનુસાર:

૩ વર્ષમાં કિંમતોમાં ઉછાળો: ગિફ્ટ સિટીમાં રહેણાંક મિલકતોના ભાવમાં છેલ્લા ત્રણ વર્ષમાં આશરે ૬૦ ટકાનો તોતિંગ વધારો થયો છે.

૫ વર્ષમાં ભાવ બમણા: પાછલા પાંચ વર્ષના ટ્રેન્ડને જોતાં અહીં પ્રોપર્ટીના રેટ અંદાજે બમણા થઈ ચૂક્યા છે.

NRI રોકાણમાં વધારો: વૈશ્વિક સ્તરે વસતા બિન-નિવાસી ભારતીયો (NRI) ની રસદારી અને રોકાણમાં પણ ૧૫ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે.

વૈશ્વિક નાણાકીય સંસ્થાઓના દિગ્ગજોની પહેલી પસંદ

ગિફ્ટ સિટીમાં હાલમાં ૫૦૦થી વધુ અગ્રણી વૈશ્વિક નાણાકીય સંસ્થાઓ ધમધમી રહી છે. જેમાં મલ્ટીનેશનલ બેંકો ઉપરાંત NSE IFSC, BSE IFSC અને India INX જેવા પ્રતિષ્ઠિત એક્સચેન્જોનો સમાવેશ થાય છે. આ આંતરરાષ્ટ્રીય બિઝનેસ ઈકોસિસ્ટમના કારણે અહીં કાર્યરત ટોચની કંપનીઓના સીઈઓ (CEOs), સીએક્સઓ (CXOs), હેજ ફંડ મેનેજર્સ, ગ્લોબલ બેન્કર્સ અને વિદેશી રોકાણકારો હવે રોજગારની સાથે ગિફ્ટ સિટીના વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સ્થાયી થવાનું પસંદ કરી રહ્યા છે.

## 57 દિવસ યાત્રા ચાલશે, હેલિકોપ્ટર સેવા બંધ

# અમરનાથ યાત્રાનો આજથી પ્રારંભ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અમરનાથ યાત્રા ૨૦૨૬ને લઈ શિવ ભક્તોમાં ખુબ ઉત્સાહ છે અને બાબા બરફાનીના દર્શન કરવા આતુર છે. અમરનાથ યાત્રા ૨૦૨૬ ૩ જુલાઈ થી ૨૮ ઓગસ્ટ સુધી ૫૭ દિવસ સુધી રક્ષાબંધન સુધી ચાલશે.જેને લઈ લુધિયાણાથી હજારો શિવભક્તોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. અમરનાથ યાત્રા માટે શિવ ભક્તોને ૧૪ કિલોમીટર સુધી પગપાળા જવાનું હોય છે. અમરનાથ યાત્રા માટે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના અને ૭૦ વર્ષની ઉંમરના શ્રદ્ધાળુઓને આ યાત્રામાં સામેલ થવાની પરવાનગી નથી.આ વર્ષે, વહીવટીતંત્રે અમરનાથ યાત્રા અંગેના કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા છે. દર વર્ષે યાત્રા માટે યાત્રાળુઓ અમરનાથ યાત્રા માટે નીલગ્રંથથી પંચતરણી અને પહેલગાંવથી પંચતરણી સુધી પગપાળા, ઘોડા પર અને હવાઈ માર્ગે મુસાફરી કરતા હતા. પરંતુ આ વખતે



અમરનાથ યાત્રા પ્રશાસન દ્વારા હેલિકોપ્ટર સેવા બંધ કરવામાં આવી છે. સુરક્ષાના કારણથી યાત્રા માર્ગને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. જેના કારણે હેલિકોપ્ટર સેવા બંધ રહેશે.૧૩ થી ૭૦ વર્ષની અંદરના કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. છ અઠવાડિયાથી વધુ ગર્ભવતી મહિલાઓને મુસાફરી કરવાની પરવાનગી નથી. આ વખતે આરોગ્ય તપાસ ફરજિયાત બનાવવામાં આવી છે, પહલગામ રુટ ૪૮ કિમીના આ રસ્તા ખુબ લાંબા છે પરંતુ તેનું ચઢાણ ખુબ સરળ છે.



# ધારાસભ્ય યોગેશ પટેલનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વડોદરાના માંજલપુર વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય અને ભાજપના વરિષ્ઠ નેતા યોગેશ પટેલનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો છે. પુત્ર અને પુત્રીએ અગ્નિદાહ આપ્યો અને પરિવારજનો અને વડોદરા વાસીઓએ રડતી આંખે જન નેતાને વિદાય આપી હતી.

યોગેશ પટેલનું ગત મંગળવાર, ૨ જૂનના રોજ નિધન થયું હતું. MLA યોગેશ પટેલ શિવ ભક્ત હતા. તેમણે શ્રાવણ મહિનામાં કેદારનાથ ખાતે ૧૧ લાખ રુદ્રાક્ષ ચડાવવાનો સંકલ્પ લીધો હતો. આ રુદ્રાક્ષ નેપાળમાં તૈયાર થઈ ગયા છે. શિવ પરિવાર યોગેશ પટેલનો આ સંકલ્પ પૂર્ણ કરશે.

યોગેશ પટેલના અવસાનથી ફરી ગુજરાત વિધાનસભા ખંડિત થઈ છે.

# ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ પર સરકાર મૌન

## મુસ્લિમ ધર્મગુરુઓ દ્વારા બકરી ઈદ પહેલાં ગાયને રાષ્ટ્રીય પશુ બનાવવાની ઉઠી માંગ

» યોગી આદિત્યનાથે કહ્યું, માતા અને પુત્ર વચ્ચે કોઈ જાહેરાતની જરૂર હોતી નથી

» જો ગાય રાષ્ટ્રીય પ્રાણી બને તો વાઈલ્ડલાઈફ એક્ટ હેઠળ સુરક્ષા આપવી પડે




### ભારતમાંથી ભેંસના માંસની જંગી નિકાસ

વાણિજ્ય મંત્રાલયે ગોવંશના માંસની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે, તેમ છતાં ભેંસના માંસની નિકાસ સામે અનેક સવાલો ઉભા થયા છે. વર્ષ ૨૦૨૫ માં ભારતે ૪.૦૬ અબજ ડોલરના ભેંસના માંસની નિકાસ કરી હતી. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે તાજેતરમાં દાવો કર્યો હતો કે DNA પરીક્ષણ વિના જ કતલ થતી હોવાથી ભેંસના માંસના નામે ગોમાંસની નિકાસ થઈ રહી હોવાની આશંકા છે.

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

તાજેતરમાં મુસ્લિમ ધર્મગુરુઓ દ્વારા ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની ઉઠેલી માંગ પર શાસક પક્ષ ભાજપના મોટા નેતાઓ મૌન સેવી રહ્યા છે. બકરી ઈદ પહેલાં પશ્ચિમ બંગાળમાં ગોવંશની કતલ પર નિયંત્રણો મુકાતા શરૂ થયેલી આ ચર્ચાએ હવે નવો વળાંક લીધો છે. જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ અર્શદ મદની અને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામીદ અન્સારીએ આ માંગનું સમર્થન કર્યું છે.

મુસ્લિમ ધર્મગુરુઓની માંગ પર પ્રતિક્રિયા આપતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, ગાય આપણી માતા છે અને માતા અને પુત્ર વચ્ચે સંબંધ જાહેર કરવાની કોઈ જરૂર હોતી નથી. તેમણે ધર્મગુરુઓને નિશાન બનાવતા કહ્યું કે જે લોકો ગાય માતાને પ્રાણી કહી રહ્યા છે તેમની વિચારસરણી પશુ જેવી છે. બીજી તરફ, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલે સ્પષ્ટ કર્યું છે કે હાલ કેન્દ્ર સરકાર કે કેબિનેટ સમક્ષ ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા અંગેની કોઈ જ દરખાસ્ત વિચારાધીન નથી.

કાનૂની નિષ્ણાતોના મતે, જો ગાયને 'રાષ્ટ્રીય પ્રાણી' નો દરજ્જો મળે, તો તેને રક્ષણ આપવા માટે વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨ જેવી કડક જોગવાઈઓ કરવી પડશે. આનાથી ગોવંશની કતલ અને તેના કાનૂની વેપાર પર દેશવ્યાપી સંપૂર્ણ પ્રતિબંધ લાગી જશે, જેની સીધી અસર દેશના માંસ અને ચામડા ઉદ્યોગ પર પડશે. જોકે, ભૂતપૂર્વ કાયદા સચિવ પીકે મલ્હોત્રાનું માનવું છે કે આવા કાયદાની કોઈ 'વ્યવહારુ ઉપયોગિતા' નહીં હોય અને તે માત્ર પ્રતીકાત્મક બની રહેશે. કાયદાકીય દ્રષ્ટિએ, આવા કોઈ પણ રાષ્ટ્રીય કાયદાના અમલીકરણ અને દેખરેખ માટે એક અલગ વ્યવસ્થાતંત્ર ઊભું કરવું પડશે, જે જટિલ સાબિત થઈ શકે છે. હાલ બંધારણની કલમ ૪૮ અંતર્ગત રાજ્યો પોતાના સ્થાનિક કાયદા ઘડીને પશુધનની કતલ પર નિયંત્રણ મૂકી શકે છે અને ઘણા રાજ્યોએ અગાઉથી જ આવા કાયદાઓ લાગુ પણ કર્યા છે.

# કુપોષણ સામે સરકાર નિષ્ફળ: 35% બાળકોનો વિકાસ રુંધાયો

### NFHS-6 ના રિપોર્ટને ટાંકીને AAP નેતા ડો. કરન બારોટે ભાજપ સરકાર પર કર્યા આકરા પ્રહાર

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતમાં બાળકોના આરોગ્ય અને પોષણને લઈને આમ આદમી પાર્ટી (AAP) એ રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. AAP ના પ્રદેશ સંગઠન મંત્રી અને મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે એક પત્રકાર પરિષદ યોજીને, તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NFHS-૬ ના ચોંકાવનારા આંકડાઓ રજૂ કર્યા હતા અને સરકારની પોષણ યોજનાઓને સદંતર નિષ્ફળ ગણાવી હતી. ડો. બારોટે જણાવ્યું હતું કે, સરકાર કુપોષણ દૂર કરવાના નામે ખર્ચ વધારી રહી છે, પરંતુ બાળકોનું વજન વધતું નથી. NFHS-૬ રિપોર્ટ મુજબ, ગુજરાતમાં ૫ વર્ષથી નાની ઉંમરના



સરેરાશ ૩૫.૫ ટકા બાળકોની ઊંચાઈ ઉંમરના પ્રમાણમાં વધી નથી (શહેરોમાં ૨૮.૨ ટકા, ગામડાઓમાં ૩૯.૫ ટકા). જ્યારે ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન ધરાવતા (કુપોષિત) બાળકો સરેરાશ ૨૦ ટકા છે. આ ઉપરાંત, શહેરોમાં ૩.૮ ટકા અને ગામડામાં ૬.૩ ટકા બાળકો ગંભીર રીતે કુપોષિત છે. અન્ડરવેઈટ બાળકોની સંખ્યા પણ શહેરોમાં ૨૭.૨ ટકા અને ગામડાઓમાં ૪૦.૫ ટકા જેટલી ઊંચી છે. આક્ષેપ કરતા તેમણે કહ્યું કે ડબલ એન્જિનની સરકારમાં વિકાસ માત્ર કાગળ પર છે. છેલ્લા ૨ વર્ષમાં કુપોષિત બાળકોના આહાર પાછળ ૧૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે. મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, દૂધ સંજીવની યોજના, સુખડી યોજના અને મિશન આંગણવાડી પોષણ ૨.૦ જેવી અનેક યોજનાઓ છતાં ૦ થી ૬ વર્ષના ૫.૭૦ લાખ બાળકો કુપોષણનો ભોગ બન્યા છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે શું આ કરોડો રૂપિયા ખરેખર બાળકો સુધી પહોંચ્યા છે કે પછી વચેટિયાઓ અને મળતિયાઓનું પોષણ થયું છે? કુપોષણમુક્ત ગુજરાતની જગ્યાએ ભ્રષ્ટાચારયુક્ત સરકાર બની ગઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. સરકાર દ્વારા ૨૪ કરોડના ખર્ચે કુપોષણ માપવા AI સિસ્ટમ લાગુ કરવાની વાતને ડો. બારોટે હાસ્યાસ્પદ ગણાવી કહ્યું કે બાળકોના ભૂખ્યા પેટને માપવા AI નહીં પણ સાચા આહારની જરૂર છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં સ્થિતિ ગંભીર છે. AAP એ માંગ કરી છે કે કુપોષણને તાત્કાલિક ઈમરજન્સી જાહેર આરોગ્ય સમસ્યા ઘોષિત કરવામાં આવે. સરકારે પોતાની નિષ્ફળતા સ્વીકારીને શ્વેતપત્ર જાહેર કરી ગુજરાતની જનતાને જવાબ આપવો જોઈએ કે કરોડોના ખર્ચ છતાં ગુજરાત કુપોષણમુક્ત કેમ નથી બની શક્યું.



# રાજકોટમાં 5 જૂનથી ધીરેન્દ્ર શાસ્ત્રીની ભવ્ય હનુમંત કથા



» રેસકોર્સ મેદાનમાં ૩ દિવસ ચાલશે કથા, બીજા દિવસે ભરાશે દિવ્ય દરબાર

» લાખો ભક્તોની ભીડને પહોંચી વળવા ૬ પ્રવેશ દ્વાર,પાર્કિંગની વિશાળ વ્યવસ્થા

» વિનામૂલ્યે હોસ્પિટલ, કન્યાદાન અને ગૌસેવા સહિતના ૫ મહાસંકલ્પો લોકો સમક્ષ રજૂ કરાયા



સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા આગામી ૫, ૬ અને ૭ જૂનના રોજ રેસકોર્સ મેદાન ખાતે બાબા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પૂજ્ય ધીરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રીના મુખેથી 'સનાતન સેતુ હનુમંત કથા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર સૌરાષ્ટ્રની ધર્મપ્રેમી જનતામાં આ ધાર્મિક મહોત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કથાના બીજા દિવસે બાબાનો અત્યંત પ્રખ્યાત 'દિવ્ય દરબાર' પણ ભરાશે, જેમાં લોકોની આધ્યાત્મિક અને શારીરિક સમસ્યાઓના નિરાકરણનો દાવો કરવામાં આવે છે. સમાજમાં સનાતન સંસ્કારોનું સિંચન કરવા અને હિન્દુ સમાજને વધુ સંગઠિત કરવા માટે સ્થાનિક સંતો–મહંતોએ લોકોને આ કથામાં સહપરિવાર જોડાવા માટે પ્રબળ આહ્વાન કર્યું છે.

કથામાં આવતા લાખો ભક્તોની ભીડને સુવ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા માટે ગ્રાઉન્ડમાં કુલ ૬ અલગ–અલગ પ્રવેશ દ્વાર બનાવવામાં આવ્યા છે. ફન વર્લ્ડ, એરપોર્ટ રોડ અને બાલભવન તરફથી જાહેર જનતાને સરળતાથી પ્રવેશ અપાશે, જ્યારે સાધુ–સંતો, યજમાનો અને પ્રોટોકોલ (વીઆઈપી) માટે સંપૂર્ણપણે અલગ ગેટ રખાયા છે. શહેરમાં ટ્રાફિક જામની કોઈ સમસ્યા ન સર્જાય અને વાહનવ્યવહાર સુચારુ રહે તે માટે ચૌધરી હાઈસ્કુલ અને રિલાયન્સ ગ્રાઉન્ડમાં વિશાળ પાર્કિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સૌરાષ્ટ્ર સનાતન સમિતિએ સ્પષ્ટતા કરી છે કે કથાના આયોજન ખર્ચ માટે લોકો પાસેથી કોઈપણ પ્રકારનો ફાળો ઉઘરાવાશે નહીં. જો કોઈ ભક્ત પોતાની ઈચ્છાથી દાન આપવા માંગતા હોય તો તે માત્ર બાગેશ્વર ધામના સેવા કાર્યો માટે ત્યાં ઊભા કરાયેલા કાઉન્ટર પર આપી શકશે. કથા દરમિયાન બાગેશ્વર ધામ દ્વારા લેવાયેલા માનવસેવા અને રાષ્ટ્ર ઉત્થાનના ૫ મહાસંકલ્પો લોકો સમક્ષ રજૂ કરાશે. આ સંકલ્પોમાં ગરીબ અને પછાત વર્ગના દર્દીઓ માટે ૨૦૦ કરોડના ખર્ચે બની રહેલી ૧૦૦ બેડની અત્યાધુનિક વિનામૂલ્યે કેન્સર–કિડની હોસ્પિટલ, ૩૦૦ ગરીબ અને નિરાધાર દીકરીઓના નિશુલ્ક સમૂહલગ્ન, 'એક હિન્દુ–એક ગાય' અભિયાન અંતર્ગત ગૌમાતાનું સંરક્ષણ, ભારતીય સંસ્કૃતિના જતન માટે વૈદિક ગુરુકુળની સ્થાપના અને હજારો શ્રદ્ધાળુઓ માટે કાયમી ધોરણે ચાલતા નિશુલ્ક અન્નપૂર્ણા ભોજનાલયનો સમાવેશ થાય છે. આ ૫ સંકલ્પો દ્વારા ધર્મના માધ્યમથી સામાજિક ઉત્થાનનો મોટો સંદેશ આપવામાં આવશે.

# ગોવિંદ દરેક વખતે કંટ્રોલ કરતો, પણ ખબર નહીં તે પોતાની ઉપર કાબુ ગુમાવી બેસતો હતો





ગોવિંદને ડ્રેસિંગ કરી આપવામાં આવ્યું. ડૉક્ટરે તેને એક ઇન્જેક્શન આપ્યું અને દવા લખી આપી. ગોપાલે તરત તેની દવા બાંધી આપી. ગોપાલે પૂછ્યું, “ભાઈ, મૂકવા આવું?”ગોવિંદે તેના ખભે હાથ મૂકતાં કહ્યું, “ના. હું જતો રહીશ. તું તારું કામ જો. તું બેરેકમાં આવ. પછી આપણે સાથે જમીશું.”

ગોવિંદ બેરેક તરફ ગયો. જેલના જે સિપાહીને હાથમાં વાગ્યું હતું, તેને જેલની એમ્બ્યુલન્સમાં પાલનપુર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. શું બન્યું હતું, તેની હજી ગોપાલને ખબર પડી નહોતી. પણ ત્યાં હાજર કેદીઓ અને પોલીસવાળા વાત કરતા હતા તેની ઉપરથી ગોપાલને અંદાજ આવી ગયો.

કોઈ કેદીએ પોલીસવાળા સાથે માથાકૂટ કરી અને પોલીસવાળાને મારવાની શરૂઆત કરી હતી. ગોવિંદ ત્યાં પહોંચી ગયો હતો. પછી જે કમઠાણ થયું એમાં ગોવિંદને માથામાં લાકડી વાગી હતી. કેદીઓ અંદર અંદર ચર્ચા કરતા હતા કે, જેમણે પોલીસ પર હાથ ઉપાડ્યો હશે, તેમની સારી પેઠે ધોલાઈ થઈ હશે. કેદીઓ પાસેથી ગોપાલે જાણ્યું કે, જેલની અંદર કોઈ બબાલ ન થાય, એ ધ્યાન રાખવાનું કામ ડ્યૂટી જેલરનું છે.એક કેદીએ વિગતે વાત કરતાં કહ્યું કે, “ડ્યૂટી જેલરની બેસવાની જગ્યાને પેટી કહે છે. પેટી પાસેની એક દીવાલમાં હાથકડીઓ ફિટ કરેલી હોય છે. જે કેદી બબાલ કરે તેને પેટી પર લાવી, દીવાલમાં ફિટ કરેલી હાથકડીઓ બાંધી, દીવાલ તરફ મોઢું રાખીને બાંધી દેવામાં આવે છે. પેટી પરનો પોલીસ સ્ટાફ તેમની ખાતિરદારી કરે છે.”આ વાત સાંભળીને ગોપાલની આંખ સામે એક ચિત્ર ઊભું થઈ રહ્યું હતું. ગોપાલને મનમાં થતું હતું કે, ક્યારે ડૉક્ટર સાહેબ જાય અને તે ગોવિંદને મળવા બેરેકમાં પહોંચે! પણ દિવસે થયેલી બબાલને કારણે કેદીઓની બંધી જલદી થઈ ગઈ હતી. માટે હોસ્પિટલમાં કેદીઓ આવવાના બંધ થઈ ગયા હતા. ડૉક્ટર પણ વહેલા જતા રહ્યા. એટલે ગોપાલ સીધો બેરેકમાં પહોંચ્યો.

ગોપાલ બેરેકમાં પહોંચ્યો ત્યારે તેણે જોયું કે, ગોવિંદ સૂઈ રહ્યો હતો. તેની પાસે બેસીને સલીમ કંઈક વાંચી રહ્યો હતો. ગોપાલને જોતાં સલીમે કહ્યું, “વહેલો આવ્યો?”ગોવિંદ તરફ ઇશારો કરતાં ઉમેર્યું, “ભાઈ તારા આવવાની રાહ જોતા હતા. તેમણે કહ્યું છે કે, સાથે જમીશું. જા આપણી થાળી લઈ લે.”

ગોપાલ પોતાની અને સલીમની થાળી લેવા બિસ્તર પાસે ગયો. સલીમે ગોવિંદને ઉઠાડ્યો. ગોવિંદ ઊભો થઇને બેરેકની બહાર ગયો અને નળના પાણીથી મોઢું ધોઈ પાછો આવ્યો.


પ્રશાંત દયાળ

ગોપાલે એના કપાળ તરફ જોયું. ડ્રેસિંગ તો કર્યું હતું છતાં થોડું લોહી પાટામાંથી બહાર આવ્યું હતું. સલીમે બધી થાળીઓ ખુલ્લી કરી, ગોપાલ હજી ગોવિંદ સામે જ જોઈ રહ્યો હતો.ગોવિંદે ગોપાલ સામે જોયું અને હસીને કહ્યું, “ભૂખ નથી લાગી? ચાલ, જમી લઈએ.”તેમ કહી ગોવિંદ જમીન પર પલાંઠી વાળીને બેસી ગયો. બધા સાથે જમવા લાગ્યા. જેલમાં આવ્યાને ઘણો વખત થઈ ગયો હતો, પણ સલીમ, ગોપાલ અને ગોવિંદ ત્રણેય સાથે જમતા હોય એવી આ પહેલી ઘટના હતી. આમ તો કોઇએ ગોવિંદને ક્યારેય બીજા કેદી સાથે જમતા જોયો નહોતો, એટલે બધા કેદીઓને આ દૃશ્ય જોઈને આશ્ચર્ય થઈ રહ્યું હતું. ગોવિંદ અને સલીમ શાંતિથી જમી રહ્યા હતા, પણ ગોપાલને કંઈક ઉત્સુકતા હતી. તેણે થોડીવાર પછી ગોવિંદને પૂછ્યું, “ભાઈ, શું થયું હતું?”ગોવિંદે કોળિયો મોંમાં મૂકતાં કહ્યું, “શાંતિ યાર્ડમાં પેલી જૂનાગઢવાળી હબસી ગેંગ છે. તેમને રોજ કોઈનીને કોઈની સાથે માથાકૂટ થાય છે. આજે સવારે તેમણે પેલા સિપાહી મરતુભાઈ રાઠવા સાથે માથાકૂટ કરી. એ સમયે હું ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. મેં પેલા હબસી ગેંગવાળાને કહ્યું, “ભાઈ આ સિપાહી છે. તમારી કોઈ ફરિયાદ હોય, તો જેલર રાઉન્ડમાં આવે ત્યારે તેમને ફરિયાદ કરજો. શું કામ કકળાટ કરો છો?” એમાં અમારી બોલાચાલી થઈ ગઈ.સિપાહી મરતુભાઈ બહુ ભલો માણસ છે. આમ તો પોલીસની નોકરી માટે લાયક જ નથી. અમારી માથાકૂટ થઈ એટલે મરતુભાઈ વચ્ચે પડ્યા. તેમણે મરતુભાઈને મારવાની શરૂઆત કરી એટલે આપણો પિત્તો ગયો.”ગોવિંદ જાણે કોઈ શૌર્યકથા કહી રહ્યો હોય, તેમ ગોપાલ સાંભળી રહ્યો હતો. તેનું જમવાનું પણ અટકી ગયું હતું. આ વાત સલીમના ધ્યાનમાં આવી. તેણે એના પગ પર હાથ મૂકીને ઇશારો કર્યો કે, જમવાનું ચાલુ રાખ.ગોવિંદે વાત આગળ વધારતાં કહ્યું, “પછી અમે સામ સામે આવી ગયા. ખબર નહીં, તેમની પાસે લાકડાનો દંડો કયાંથી આવ્યો? કોઇએ મારા માથે ઠોકી દીધો. પછી તો મરતુભાઈએ વ્હિસલ વગાડી દીધી. આખી જેલની પોલીસ આવી ગઈ.”ગોવિંદ અટકી ગયો. ગોપાલે પૂછ્યું, “પછી?”ગોવિંદ હસી પડ્યો. “અરે, મારે તને ત્રણ કલાકની ફિલ્મ થોડી બતાડવાની છે? પછી કંઈ નહીં સોલંકી સાહેબ પણ આવી ગયા. હબસીઓને પેટી પર લઈ ગયા છે. ત્યાં મહેમાનગતી ચાલતી હશે. હવે ખટલો પણ ચાલશે.”ગોપાલને લાગ્યું કે, ખરેખર ગોવિંદ બહાદૂર માણસ છે. હજી જમતાં જમતાં વાત ચાલતી ત્યાં જ ગોપાલે જોયું કે, બેરેકના દરવાજા પાસે ઊભા રહેલા પાકા કામના કેદીઓએ નિયમ પ્રમાણે ટોપી પહેરી લીધી. ગોવિંદે તે તરફ જોયું. તે પણ સમજી ગયો કે, કોઈ અધિકારી આવે તો જ કેદીઓ માથા પર ટોપી પહેરે છે.ગોવિંદે ખિસ્સામાં રહેલી ટોપી પહેરી લીધી. તેની પર બ.અ. લખેલું હતું. જેનો અર્થ થતો હતો બંધી અમલદાર. બેરેકના દરવાજે જેલર સોલંકી સાહેબ આવીને ઊભા રહ્યા. બધા કેદીઓ ઊભા થઈ ગયા. ગોપાલ, સલીમ અને ગોવિંદ પણ ઊભા થઈ ગયા.સોલંકી સાહેબ અંદર આવ્યા ને જોયું કે, ગોવિંદ જમવા બેઠો છે. તેમણે ગોવિંદના માથા પર બાંધેલો પાટો જોયો અને પૂછ્યું, “ગોવિંદ, વધારે તો નથી વાગ્યુંને?”ગોવિંદે જમણો હાથ પાછળ કરતાં કહ્યું, “ના સાહેબ, સારું છે.”સોલંકીની નજર આખી બેરેકમાં ફરી રહી હતી. કારણ કે આખરે તો તે પોલીસવાળા જ હતા. “સારુ, સાંજે ઑફિસમાં આવજે” તેમ કહી સોલંકી સાહેબ જતા રહ્યા.ગોવિંદનો જેલમાં વટ હતો, પણ ગોવિંદ જેલના તમામ નિયમ પાળે અને સિપાહીથી માંડીને જેલર સુધીના તમામ સ્ટાફ અને અધિકારી; બધાને સરખું માન આપે. કદાચ એટલે જ જેલ સ્ટાફ પણ ગોવિંદને માન આપતો હતો.જમવાનું પૂરું થયું. બધા હાથ ધોઈને પાછા બેરેકમાં આવ્યા. ગોવિંદે જોયું તો ગોપાલ હાથમાં પાણીનો ગ્લાસ લઈ, બંધ મુઠ્ઠીમાં કંઈક લઈને ઊભો હતો. ગોવિંદે પૂછ્યું, “શું છે?”ગોપાલે બંધ મુઠ્ઠી ખોલતાં કહ્યું, “ભાઈ, દવા છે.”ગોવિંદે તરત સલીમ સામે જોયું અને ગોપાલને પૂછ્યું, “તું મારી મા છે?”ગોપાલ શરમાઈ ગયો. “ના ભાઈ.” કહીને ગોપાલે ગ્લાસ અને દવા આગળ ધરી.ગોવિંદે બધી દવાઓ એક સાથે મોંમાં મૂકી અને પાણીનો ગ્લાસ ગટગટાવી ગયો. ગોપાલને હાશ થઈ. હવે દરેક પોતાના બિસ્તર તરફ જતા રહ્યા હતા. બપોરનો સમય હતો બેરેકમાં લગભગ બધા સૂઈ ગયા હતા. ગોવિંદ પણ એક પડખે સૂઈ રહ્યો હતો. ગોપાલ આડો તો પડ્યો હતો, પણ થોડી થોડીવારે તેનું ધ્યાન ગોવિંદ તરફ જતું હતું. (ક્રમશઃ)

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નિ:શુલ્ક વિતરણ કાર્યક્રમ

**પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ, જળ બચત અને જીવદયાના સંદેશ સાથે**



## તુલસી સહિતના વિવિધ રોપાઓ, પક્ષીઓ માટેના માળા, પાણીના કુંડા અને કુંડી, બર્ડ ફીડર નાગરિકોને નિ:શુલ્ક આપવામાં આવશે

**દરેક વ્યક્તિને : 1 રોપો, 1 માળો, 1 પાણીનું કુંડું / કુંડી, 1 બર્ડ ફીડર**

| તારીખ : | સમય : | સ્થળ : |
|---|---|---|
| 05 જૂન 2026, શુક્રવાર | સવારે 06:30 થી 08:30 કલાક | મેયર બંગલો, રેસકોર્સ રિંગ રોડ, રાજકોટ |

### વિશેષ ઉપસ્થિતિ

| | | |
|---|---|---|
| **ડૉ. નેહલ શુક્લ**<br>મેયરશ્રી, રાજકોટ | **ડૉ. દર્શિતાબેન શાહ**<br>ધારાસભ્યશ્રી | **ડૉ. માધવ દવે**<br>શહેર ભાજપ પ્રમુખ |
| **શ્રી રમેશભાઈ ટીલાળા**<br>ધારાસભ્યશ્રી | **શ્રીમતી દક્ષાબેન વસાણી**<br>ડેપ્યુટી મેયરશ્રી | **શ્રી પરેસભાઈ પીપળીયા**<br>ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી |
| **ડૉ. હિરેન ખીમાણીયા**<br>શાસક પક્ષના નેતાશ્રી | **શ્રી સંજયસિંહ રાણા**<br>દંડકશ્રી | |

### આયોજક સંસ્થાઓ

- વન વિભાગ
- રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન
- શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ
- સ્વદેશી જાગરણ મંચ
- જય સિયારામ મિત્ર મંડળ
- સમર્પણ યંગ ગ્રુપ
- વંદે માતરમ શિક્ષણ અને સેવા ટ્રસ્ટ
- ચાણક્ય વિદ્યાલય

**"વૃક્ષ વાવીએ, તેનું જતન કરીએ, પાણી બચાવીએ અને કુદરતને વધુમાં વધુ પાછું આપીએ."**

**વિશેષ માહિતી સંપર્ક : 89801 65065**

**આ આમંત્રણ સૌને શેર / ફોરવર્ડ કરવા વિનંતી... Please / Share**

# સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને વેગ આપવા SKCCI-AACCI વચ્ચે MOU

» 'વોકલ ફોર લોકલ' થકી સૌરાષ્ટ્રની પ્રોડક્ટ્સને વૈશ્વિક સ્તરે પહોંચાડવાનો હેતુ

» સ્થાનિક ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય બજાર અને નિકાસ માટે નવી તકો મળશે






સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્ર અને કચ્છના નાના-મોટા ઉદ્યોગકારો માટે અત્યંત આનંદ અને ગર્વના સમાચાર સામે આવ્યા છે. સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક મંચ પૂરું પાડવા અને આંતરરાષ્ટ્રીય વ્યાપારને પ્રોત્સાહન આપવાના હેતુથી સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SKCCI) અને એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (AACCI) વચ્ચે સંયુક્ત રીતે કામ કરવા માટે એક મહત્વપૂર્ણ MOU સાઈન કરવામાં આવ્યો છે. તાજેતરમાં રાજકોટમાં પ્રતિષ્ઠિત ઉદ્યોગકારોની હાજરીમાં આ ભવ્ય સમારોહ યોજાયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત વિશ્વના અનેક દેશોમાં કાર્યરત સંસ્થા AACCI ના ડાયરેક્ટર જનરલ એમ. જે. પૂરીએ જણાવ્યું હતું કે, તેઓ SKCCI ની કામગીરી અને પદ્ધતિથી અત્યંત પ્રભાવિત થયા છે. સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગકારો પાસે જબરદસ્ત સ્કીલ અને કૌશલ્ય છે. આ MOU થકી બંને સંસ્થાઓના ગઠબંધનથી વિકાસની ઉજળી તકો પ્રાપ્ત થશે. ભારતની પ્રોડક્ટ્સ વિશ્વ લેવલે પ્રસિદ્ધ થાય અને દેશની ઈકોનોમી વધુ મજબૂત બને તે દિશામાં AACCI સંપૂર્ણ સહયોગ આપશે.

AACCI ના એડવાઈઝરી બોર્ડના સભ્ય પલ્લવી આચાર્યએ રાજકોટની દીકરી હોવાનું ગર્વ વ્યક્ત કરતા જણાવ્યું કે, વતન પ્રત્યે ઋણ ચૂકવવાની તક મળી છે. સ્થાનિક ઉદ્યોગકારોના સ્કીલને વિશ્વ લેવલે લઈ જવાની આ સુવર્ણ તક છે.

SKCCI ના પ્રમુખ નલિન ઝવેરીએ જણાવ્યું હતું કે, આ MOU સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગકારો માટે સોનાનો સૂરજ સમાન છે. જેમ ચીન, જાપાન, જર્મની અને અમેરિકા પ્રગતિ કરી રહ્યા છે, તેમ ભારતના વિકાસમાં સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગો મોટો ફાળો આપશે. 'વોકલ ફોર લોકલ' ના મંત્ર સાથે સ્થાનિક પ્રોડક્ટ્સની નિકાસ વધારવાથી દેશમાં વિદેશી હૂંડિયામણ આવશે, નાના-મોટા ઉદ્યોગોનો વિકાસ થશે અને રોજગારીની નવી તકો ઊભી થશે.

સમારોહમાં મહામંત્રી સંજય લઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને સંચાલન નામદેવ પંડ્યાએ સંભાળ્યું હતું. આભારવિધિ આર. જે. અજયસિંહ ચુડાસમાએ કરી હતી. કાર્યક્રમ બાદ સુપ્રસિદ્ધ ગાયિકા વિધિ ઉપાધ્યાય અને વિજય રાણીંગા દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરાયું હતું. આ આખા કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ નલિન ઝવેરી, મહામંત્રી સંજય લઠીયા, રાજેશ રાણપરિયા, જિતેન ઘેટિયા, આશિષ પટેલ, નલિન આસોડિયા, મહેશ સોનપાલ, જે. એન. પરમાર, ધવલ મેહતા, બી. કે. શાહ, પ્રકાશ ઠક્કર, રિતેશ પાલા અને સુરેશ પટેલ સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ મનપાની દબાણશાખા સામે કોંગ્રેસના આકરા પ્રહાર

## ગરીબ લારી–ગલ્લાવાળા સામે કાર્યવાહી, પણ મોટા માથાઓ સામે આંખ આડા કાનનો આક્ષેપ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાની કામગીરી સામે શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી મયુર શાહે આકરા પ્રહારો કર્યા છે. તેમણે એક સણસણતો સવાલ ઉઠાવ્યો છે કે, રાજકોટમાં દબાણશાખા ખરેખર શહેરમાંથી દબાણો દૂર કરવાનું કામ કરે છે કે પછી કોઈના "દબાણ" હેઠળ કામ કરી રહી છે? દબાણ હટાવવાની બેવડી નીતિ સામે તેમણે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.


### દબાણશાખા કોના 'દબાણ' હેઠળ કામ કરે છે તેવો મયુર શાહનો વેધક સવાલ

મયુર શાહે આક્ષેપ કર્યો છે કે, શહેરના ગરીબ લારી-ગલ્લાવાળા, નાના વેપારીઓ અને રોજ કમાઈને ખાવાવાળા સામાન્ય લોકો સામે તો દબાણશાખા વીજળીની ઝડપે તૂટી પડે છે અને તેમનો સામાન જપ્ત કરી લે છે. પરંતુ વર્ષોથી ઉભા રહેલા મોટા ગેરકાયદેસર દબાણો, રાજકીય આશીર્વાદ ધરાવતા તત્વો અને કરોડોના ગેરકાયદેસર બાંધકામો સામે તંત્રની આંખો કેમ બંધ થઈ જાય છે? નબળા સામે કાયદાની તલવાર અને પ્રભાવશાળી લોકો સામે મૌન રાખવું એ કયો ન્યાય છે? શહેરના અનેક વિસ્તારોમાં જાહેર રસ્તાઓ, ફૂટપાથો અને સરકારી જમીનો પર વર્ષોથી દબાણો યથાવત હોવાનું જણાવતા મયુર શાહે પ્રશ્ન ઉઠાવ્યો છે કે, અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. શું દબાણશાખાને આ મોટા દબાણો દેખાતા નથી કે પછી કોઈના ફોન અને રાજકીય (ભાજપની) ભલામણો સામે અધિકારીઓ લાચાર બની જાય છે?



તેમણે પૂછ્યું છે કે શું શહેરમાં દબાણ હટાવવાના અલગ-અલગ નિયમો છે? કોંગ્રેસ અગ્રણીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે રાજકોટની પ્રજા હવે જવાબ માંગે છે. જો કાયદો બધા માટે સમાન હોય તો કાર્યવાહી પણ સમાન જ થવી જોઈએ. દબાણશાખાએ સાબિત કરવું પડશે કે તે કોઈ રાજકીય, આર્થિક કે વહીવટી દબાણ હેઠળ નહીં પરંતુ માત્ર કાયદા અને ન્યાયના આધારે નિષ્પક્ષ રીતે કામ કરે છે.

# વીરપુર આંગણવાડી કેન્દ્ર નં.8માં અસામાજિક તત્વોનો આતંક




## આંગણવાડીના પરિસરમાં અસામાજિક તત્વો ખૂલેઆમ દારૂ પીવે છેઃ છતાં તંત્રના આંખ આડા કાન.! સુરક્ષાની માંગ ઉઠી






**સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા-વિરપુર**

યાત્રાધામ વીરપુર (જલારામ) ખાતે આવેલી આંગણવાડી કેન્દ્ર નં. ૮માં લાંબા સમયથી ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ અને સુરક્ષાના અભાવને કારણે એક ગંભીર ઘટના સામે આવી છે. આંગણવાડી મહિલા કાર્યકરે આઈ.સી.ડી.એસ. તંત્રને લેખિત રજૂઆત કરી કેન્દ્રની સુરક્ષા સુનિશ્ચિત કરવા તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા ઘણા સમયથી કેટલાક અસામાજિક તત્વો દ્વારા વીરપુર આંગણવાડી કેન્દ્ર નં.૮ ને નિશાન બનાવવામાં આવી રહ્યું છે.આંગણવાડી કેન્દ્ર જાણે દારૂનો અડ્ડો બની ગયું હોય તેમ રાત્રિના સમયે દીવાલ કૂદીને પરિસરમાં પ્રવેશ કરીદારૂ પીવો, ગંદકી ફેલાવવી તેમજ સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાના બનાવો સતત બની રહ્યા છે. આ તત્વો દ્વારા આંગણવાડીના મુખ્ય દરવાજાની વારંવાર તોડફોડ કરવામાં આવતા કેન્દ્રનું પરિસર અસુરક્ષિત બન્યું હોવાનું જણાવાયું છે. છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.!કેન્દ્ર નં.૮ માં ફરજ બજાવતા મહિલા કાર્યકરે પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે અસામાજિક તત્વો દ્વારા તેમની સાથે અશોભનીય વર્તન તથા માનસિક ત્રાસ આપવામાં આવે છે, જેના કારણે તેઓ સતત ભયના માહોલમાં ફરજ બજાવવા મજબૂર બન્યા છે.આ દરમિયાન તૂટેલા દરવાજાના કારણે તાજેતરમાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. એક રખડતું અને હિંસક શ્વાન આંગણવાડી પરિસરમાં ઘૂસી આવ્યું હતું અને ત્યાં હાજર એક બાળક પર હુમલો કરવાની અણી પર હતું. તે સમયે બાળકનો જીવ બચાવવા મહિલા કાર્યકરે બહાદુરીપૂર્વક બાળકને ઊંચકીને સુરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાળકનો જીવ બચી ગયો હતો, પરંતુ એ શ્વાને મહિલા કાર્યકર પર હુમલો કરી તેમને ગંભીર રીતે બચકા ભર્યા અને હુમલામાં તેઓ લોહીલુહાણ થયા હતા અને બાદ વીરપુર સરકારી હોસ્પિટલમાં સારવાર સાથે એન્ટી-રેબીઝ ઈન્જેક્શન લઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.આ ઘટનાને પગલે આંગણવાડી કેન્દ્ર નં.૮ ના મહિલા કાર્યકર દ્વારા તંત્ર સમક્ષ અનેક મહત્વપૂર્ણ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાં આંગણવાડી માટે નવો મજબૂત લોખંડનો દરવાજો લગાવવો, કમ્પાઉન્ડ વોલ ઊંચી કરી કાંટાળા તારનું ફેન્સિંગ કરવું, સરકારી મિલકતને નુકસાન પહોંચાડનાર તથા મહિલા કર્મચારીને હેરાન કરનાર અસામાજિક તત્વો સામે પોલીસ ફરિયાદ નોંધાવવી જેવી માંગણીઓનો સમાવેશ થાય છે. હાલ સમગ્ર મામલે આઈ.સી.ડી.એસ. તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવસે તેના પર સ્થાનિક લોકોની નજર મંડાયેલી છે.

### કાર સહીત 4.60 લાખનો મુદામાલ કબ્જે : ક્યાંથી લાવ્યો તે અંગે તપાસ

# જસદણના ટ્રાવેલ્સ ધંધાર્થીને ગેરકાયદે પિસ્ટલ સાથે પકડી પાડતી રેન્જ ટીમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**


રેન્જ આઈજીની ટીમે જસદણ પાસેથી ટ્રાવેલ્સના ધંધાર્થીને પીસ્ટલ સાથે દબોચી ૪.૬૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. આ હથિયાર ક્યાંથી લાવ્યો સહિતના મુદ્દે આરોપીની સઘન પૂછતાછ આદરી હતી. દરોડાની વિગત મુજબ, રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ પીઆઈ અપૂર્વ પટેલની રાહબરીમાં ટીમ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, શિવરાજસિંહ ઝાલા, કોન્સ્ટેબલ નિકુલભાઈને એક બ્લેક કલરની ફ્રોન્સ કારમાં જસદણ રહેતો ઉદયરાજ પોતાના કબ્જામાં ગેરકાયદેસર હથિયાર રાખી ફરે છે હાલ તે જદસણ ગઢપુર ચોકડીથી ગઢડીયા રોડ પોતાના ઘર તરફ જવા નિકળતો હોવાની ચોક્કસ બાતમી મળતાં પોલીસની ટીમ જસદણ ગઢડીયા ચોકડી ખાતે વોચમાં હતી ત્યારે પસાર થયેલ ફ્રોન્સ કાર નં. GJ ૧૪ BG ૨૩૦૨ ગઢપુર ચોકડી તરફથી આવતા તેને અટકાવી વાહનમા બેસેલ શખ્સનું નામ પુછતા પોતે પોતાનુ નામ ઉદયરાજ દીલીપ ધાધલ ઉ.૨૨ (ધંધો-ટ્રાવેલ્સનો, રહે, મણીનગર, ગઢડીયા રોડ, જસદણ) હોવાનુ જણાવેલ હતું પોલીસની ટીમે તેની અંગ-ઝડતી કરતા તે શખ્સના પેંટના નેફામાંથી એક દેશી બનાવટની પીસ્ટલ મળી આવેલ હતી. જેથી પોલીસે પીસ્ટલ, મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૪.૬૦ લાખનો મુદામાલ કબ્જે કરી તે શખ્સની ધરપકડ કરી હથિયાર રાખવાનું કારણ અને હથિયાર ક્યાંથી મેળવ્યું તે અંગે સઘન પૂછતાછ આદરી હતી.

# મોરબી ઉમા સ્ટીલ મારામારી કેસમાં આરોપીના જામીન મંજૂર

## વકીલોની ધારદાર દલીલ ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટે દિનેશ મકવાણાને મુક્ત કર્યો

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના ચકચારી ઉમા સ્ટીલ શો-રૂમમાં થયેલા અપહરણ, મારામારી અને લૂંટના ગંભીર કેસમાં આરોપીને ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે રાહત આપી છે. બચાવ પક્ષના વકીલોની ધારદાર દલીલો અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખીને સેશન્સ કોર્ટે આરોપી દિનેશ ગગુ મકવાણાને રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ ફરમાવ્યો છે. બનાવની ટૂંકમાં હકીકત મુજબ,



એડવોકેટ યુવરાજસિંહ જાડેજા

૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ ઉમેશ ત્રિભુવન મેરજા દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રણજીત જેસિંગ ચાવડા અને દિનેશ ગગુ મકવાણા સહિત ૪ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે, ઉમેશના ભાઈ ચિરાગે શો-રૂમ બહાર નડતરરૂપ ઉભેલા ટ્રકને આગળ લેવાનું કહેતા બંને પક્ષે ઝઘડો અને મારામારી થઈ હતી. આ દરમિયાન દિનેશ મકવાણા પોતાની સફેદ ફોર્ચ્યુનર કારમાં ધોકો લઈને આવ્યો હતો અને ઉમેશને મારવાનો પ્રયત્ન કર્યો હતો. તેની સાથે આવેલા અજાણ્યા શખ્સોએ ઉમેશનું અપહરણ કરી જવા વિશે વાતો કરી ગાળો ભાંડી હતી. ત્યારબાદ સાંજે પણ આરોપીએ ફોન કરીને સમાધાન કરવાની ના પાડી ચિરાગ અને ઉમેશને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ કેસમાં આરોપી દિનેશ મકવાણાની ધરપકડ બાદ જામીન માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આરોપી તરફે રાજકોટના ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, વકીલ જીતેન્દ્રસિંહ જાડેજા અને વકીલ યુવરાજસિંહ જાડેજા રોકાયા હતા. તેમણે કોર્ટ સમક્ષ કાયદાકીય જોગવાઈઓ, નામદાર સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરીને સચોટ દલીલો કરી હતી. જેને ધ્યાનમાં રાખીને મોરબી ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીના રેગ્યુલર જામીન મંજૂર કર્યા છે.

**પોલીસે મંજૂરી ન આપતા વિજ્ઞાન જાથાએ 5 થી 7 જૂનના રેલી-ધરણા મોકૂફ રાખ્યા**

# બાગેશ્વર દરબાર સામે જાથાના તમામ વિરોધ કાર્યક્રમો રદ


- » **સરકારી તંત્રે બાબાની રાજકીય વગથી મંજૂરી નામંજૂર કર્યાનો જાથાનો આક્ષેપ**
- » **કથાનો વિરોધ નથી, પણ પર્ચી કાઢવી અને રોગ મટાડવાના નાટકનો સદૈવ વિરોધ રહેશેઃ જયંત પંડ્યા**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રેસકોર્સ મેદાનમાં ૫ થી ૭ જૂન દરમિયાન યોજાનાર બાબા બાગેશ્વરની 'સનાતન હનુમંત કથા' અને દિવ્ય દરબાર સામે 'ભારત જન વિજ્ઞાન જાથા' એ વિરોધ નોંધાવવાનું એલાન આપ્યું હતું. પરંતુ, પોલીસ તંત્ર દ્વારા રેલી અને ધરણાની મંજૂરી ન અપાતા જાથાએ પોતાના તમામ વિરોધ પ્રદર્શિત કાર્યક્રમો રદ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

જાથાના ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સરકારી તંત્રે ધીરેન્દ્ર શાસ્ત્રીની રાજકીય વગના દબાણ હેઠળ આવીને વિરોધની મંજૂરી રદ કરી છે. તંત્ર દ્વારા ૩ જૂને સાંજે ૬ વાગ્યે લેખિતમાં જાણ કરવામાં આવી હતી કે આ કાર્યક્રમોથી લોકોની ધાર્મિક લાગણી દુભાય અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ બગડે તેવી શક્યતા હોવાથી કોઈપણ પ્રકારની પરવાનગી આપી શકાય તેમ નથી. કાયદાનું સન્માન કરતા જાથાએ તમામ આયોજનો મોકૂફ રાખ્યા છે.

જયંત પંડ્યાએ સ્પષ્ટ કર્યું કે, તેમને હનુમંત કથા સામે ક્યારેય કોઈ વિરોધ નહોતો. પરંતુ, બાબા બાગેશ્વરના દિવ્ય દરબારમાં ચાલતા નાટકો, જેમ કે પર્ચી કાઢવી, મેડિકલ લાયસન્સ વગર રોગ મટાડવાના દાવા કરવા અને ધૂણવાની પ્રક્રિયાઓ, એ માત્ર લોકોને અંધશ્રદ્ધા તરફ ધકેલવાનો અને પાછલી સદીમાં લઈ જવાનો નિમ્ન પ્રયાસ છે. જાથા આવા પાખંડનો હંમેશા વિરોધ કરતું આવ્યું છે અને કરતું રહેશે. જાથાએ આક્ષેપ કર્યો કે બાબા સંત કે કથાકાર નથી, પરંતુ ખલનાયક છે અને તેમની વર્તણૂકથી જાગૃત વર્ગ નારાજ છે. જોકે, પંડ્યાએ રાજકોટની કથાના આયોજકો પ્રત્યે માન-કદર વ્યક્ત કરતા જણાવ્યું કે તેમણે સંયમપૂર્વકના નિવેદનો આપ્યા છે. વિજ્ઞાન જાથા છેલ્લા ૩૫ વર્ષથી અંધશ્રદ્ધા સામે પુરાવા સાથે નિષ્પક્ષ લડત ચલાવે છે અને આજદિન સુધી સંસ્થા પર એક પણ કોર્ટ કેસ નોંધાયો નથી કે આક્ષેપો સાચા પડ્યા નથી. અમુક લેભાગુ તત્વો જ ધર્મના નામે લોકોને ભરમાવવાનું કામ કરી રહ્યા છે.



# આટકોટમાં પુત્રીને ભગાડી જવા મુદ્દે બે પરિવારો બાખડ્યા : પથ્થરમારો કરતા 10થી વધુને ઈજા

**સિટી ન્યૂઝ@આટકોટ**

આટકોટમાં કલાલના બંગલા સામે રહેતી ઉષાબેન હસમુખભાઈ ઉર્ફે હસુભાઈ સાઢમિયાએ ગજુ વેરસી વાઘેલા, ફુલીબેન વાઘેલા, ગોવિંદ વાઘેલા, માવજી ઉર્ફે રાહુલ વાઘેલા, લત્તા વાઘેલા, નાજા વાઘેલા, મનીષા વાઘેલા, બાવકુ વાઘેલા અને ગીતા વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં ચાર દિકરા છે મંગળવારે સાંજના પરિવારજનો ઘરે હાજર હતા અને ઝુપડું સરખુ કરતા હતાં ત્યારે કૌટુંબીક જેઠ રાજુભાઈ સાઢમિયાના સસરા ગજુ વાઘેલા અને તેમના પત્ની ઘરે આવ્યા હતાં. તેની સાથે અન્ય આરોપી પણ હતાં.બાદ ગોવિંદ વાઘેલાએ કહેલ કે, તારો દિકરો મેહુલ મારી દીકરીને લઈને ભાગી ગયેલ છે. જેથી તેને કહેલ કે, મારો દિકરો મેહુલ અહીં જ છે તમે જોઈ લ્યો. જે બાદ આરોપી ઉશ્કેરાઈ ગયા અને ગાળો આપી રસ્તા પર પડેલા નાના-મોટા પથ્થરોના છુટ્ટા ઘા અમારી ઉપર કર્યા હતાં. બાદ ફરીયાદીનાં પતિ સામાવાળાને સમજાવા જતાં માથાના ભાગે પથ્થરના છુટા ઘા વાગેલા હતાં.ત્યાર બાદ ગોવિંદ વાઘેલાએ તેના બાઈકમાંથી લોખંડનો પાઈપ લઈ પતિને માથાના ભાગે એક ઘા ઝીંકી દેતા તેઓ નીચે પડી ગયેલ હતાં અને માથામાંથી લોહી નિકળવા લાગ્યું હતું. દરમિયાન તેઓને પણ શરીરના ભાગે પથ્થરના ઘા લાગેલ હતાં. ત્યાર બાદ આરોપીઓએ એક સંપ કરી પુત્રને ઢીકા પાટુનો માર માર્યો હતો. હુમલાને પગલે રાડારાડી થતાં સ્તાનિકો એકત્રીત થઈ ગયા હતાં. જેથી હુમલાખોરો નાસી ગયા હતાં. જ્યારે સામાપક્ષે લત્તાબેન ગોવિંદભાઈ વાઘેલાએ મેહુલ સાઢમિયા, હસુ સાઢમિયા, રાહુલ સાઢમિયા, દેવસંગ સાઢમિયા, બાવસંગ સાઢમિયા, વલ્લભ સાઢમિયા, મુકેશ સાઢમિયા, મયુર સાઢમિયા, જગદીશ સાઢમિયા અને સંજય સાઢમિયા સામે વળતી ફરિયાદ નોંધાવી હતી પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# સ્પા ગર્લના રૂમમાંથી 1.20 લાખની ચોરી કરનાર ગ્રાહકને ઝડપી લેવાયો

## રામવન પાસે મંદિરમાંથી ચોરી કરનાર યુવક અને સગીરની ધરપકડ કરાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટના રૈયા રોડ પરના તિરૂપતીનગરમાં રહેતી અને સ્પામાં નોકરી કરતી મેલીબેનના મકાનમાંથી ૧.૨૦ લાખની ચોરી કરનાર શીતલ પાર્ક પાસે ગોલ્ડન હાઈટ્સમાં રહેતા વિદીત રાજેશ સાચેલાને ગાંધીગ્રામ પોલીસે ઝડપી લીધો છે.આરોપી વિદીત ઓટો મોબાઈલના શો-રૂમમાં નોકરી કરે છે. દરવાજો ખુલ્લો મળતાં અને પર્સમાં ૧.૨૦ લાખ જોઈ જતાં દાનત બગડતાં ચોરી કર્યાનું પોલીસે જણાવ્યું હતું વિદિત સ્પા પાર્લરમાં મસાજ કરાવવા જવાને બદલે અહીંયા સ્પા ગર્લના ઘરે મસાજ કરાવવા આવતો હતો બે વખત આવ્યો હતો અને ત્રીજી વખત આવ્યો ત્યારે થેલીમાં રોકડ જોઈ જતા હાથફેરો કર્યો હતો ગુનામાં ઉપયોગમાં લેવાયેલું તેનું બાઈક પણ પોલીસે કબજે કર્યું છે આ ઉપરાંત બીજા બનાવમાં રામવન પાસે મેલડી માતાજીના મંદિરમાંથી ૩૫થી ૪૦ કિલોની લોખંડની પેટી, તાંબાના વાયર, પિત્તળના બે ઘંટ અને દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરનાર કરણ ભરત પરમાર અને એક સગીરને આજી ડેમ પોલીસે ઝડપી લઈ ગુનામાં ઉપયોગમાં લીધેલું બાઈક અને ચોરીનો તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો.

# રાજકોટમાં નકલી સહી કરી ભાગીદારે 75 લાખની લોન લઈ આચરી છેતરપિંડી

## રિટાયરમેન્ટ ડીડ બનાવી લોન લઈ લીધીઃ ગુનો નોંધાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર કરણ પાર્કમાં રહેતા વેપારી સાથે ભાગીદાર સહીતે નકલી સહીઓ કરી બારોબારથી લોન લઈ ૭૫.૨૨ લાખની છેતરપીંડી આચર્યાની ફરીયાદ કરતા એ ડીવીઝન પોલીસે દંપતિ, નોટરી સહીત ચાર સામે ગુનો નોંધી તેની શોધખોળ કરી છે.

રાજકોટના કરણ પાર્કમાં રહેતા રોશનભાઈ હરીશભાઈ ધીંગાણીએ ગ્રીનઝોન એન્ટર પ્રાઈઝીસ નામની ફર્મમાં પોતાની અને અન્ય એક ભાગીદાર માલવભાઈ રૂપેશાની નકલી સહીઓ કરી ખોટા દસ્તાવેજોના આધારે રૂ.૭૫,૨૨ લાખની લોન મેળવી છેતરપિંડી આચરવા અંગે જયદીપ તન્ના, તેની પત્ની અને પિતા સહિત નોટરી સામે ફરીયાદ કરી હતી જેમા રોશનભાઈ ધીંગાણી અને જયદીપ તન્ના સહિત ત્રણ ભાગીદારોએ વર્ષ ૨૦૨૦માં હાઉસ કીપિંગ અને એફ.એમ. સી.જી. પ્રોડક્ટ્સના બિઝનેસ માટે 'ગ્રીનઝોન એન્ટરપ્રાઈઝીસ' ની શરૂઆત કરી હતી. બિઝનેસ સારો ચાલતો હતો અને સીએનો અભ્યાસ કરેલ હોવાથી જયદીપ તન્ના હિસાબ-કિતાબ સંભાળતો હતો. જો કે, ડિસેમ્બર ૨૦૨૪ પછી જયદીપ તન્નાએ હિસાબ આપવામાં આનાકાની શરૂ કરી હતી. તપાસ કરતા માલૂમ પડયું કે આરોપીએ નોટરી પંકજ જોટાંગીયા સાથે મળીને એક નકલી રિટાયરમેન્ટ ડીડ તૈયાર કર્યું હતું, જેમાં ફરિયાદી અને માલવભાઈની ખોટી સહીઓ કરી તેમને ભાગીદારીમાંથી મુક્ત કરી દીધા હોવાનું દર્શાવ્યું હતું પત્ની સાથે નવી પાર્ટનરશીપ કરી ૪ ફાઈનાન્સ કંપનીઓમાંથી લોન લીધી મૂળ ભાગીદારોને કંપનીમાંથી બહાર કાઢી મૂક્યા બાદ આરોપી જયદીપ તન્નાએ તેની પત્ની ચેતનાબેન તન્ના સાથે મળીને નવી પાર્ટનરશીપ ડીડ બનાવી લીધી હતી. આ નકલી દસ્તાવેજોનો અસલી તરીકે ઉપયોગ કરી આરોપીએ અલગ-અલગ ૪ મોટી ફાઈનાન્સ કંપની માંથી કુલ રૂ.૭૫,૨૨ લાખની લોન લઈ રકમ આરોપીએ ફર્મના ખાતાને બદલે પોતાના પર્સનલ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધી હતી. આ સમગ્ર કૌભાંડમાં તેના પિતા પ્રકાશભાઈ તન્નાએ સાક્ષી તરીકે સહી કરી મદદગારી કરી હોવાનુ જણાવતા એ ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કોટડાસાંગાણીમાં પોલીસે ગુનો નોંધી ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી

# નિવૃત્ત સરકારી કર્મીના મકાનમાંથી 3.85 લાખની ચોરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણીમાં જૂની કોર્ટ પાસે રહેતા નિવૃત્ત સરકારી કર્મચારીના મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૩.૮૫ લાખથી વધુના દાગીના, રોકડ રકમ અને અન્ય સામાનની ચોરી કરતાં પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ બનાવમાં ફરિયાદી ઉપેન્દ્રભાઈ ઠાકર ઉ.વ.૬૩એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ મામલતદાર કચેરી કોટડા સાંગાણીમાં પ્યૂન કમ ડ્રાઈવર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા છે. તેમણે પોલીસને જણાવ્યું હતું કે ગત ૨૩ મેના રોજ તેઓ પત્ની સાથે રાજકોટમાં રહેતી ચારેય દીકરીઓ પાસે રોકાવા ગયા હતા. ત્યારબાદ ૨ જૂને બપોરે ઘરે પરત ફરતાં મકાનના મુખ્ય દરવાજા અને અંદરના રૂમોના તાળાં તૂટેલા જોવા મળ્યા હતા. કબાટમાંથી સોનાની વીંટી, હાર-બૂટી અને નાકના દાણા સહિત આશરે ૨.૭૦ લાખના સોનાના દાગીના તથા આશરે ૪૦૦ ગ્રામ ચાંદીના ઘરેણાં અને ૪૫ હજારની રોકડ ગાયબ હતી પોલીસે ગુનો નોંધી ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

# અંબિકા ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડા વિતરણ શરૂ

## કરણપરા ગરબી ચોક ખાતે ૪ અને ૫ જૂને જરૂરિયાતમંદોને અપાશે લાભ

### » ફુલસ્કેપ ચોપડા અને સ્ટાન્ડર્ડ કંપનીની સ્ટેશનરી પર 20 ટકા ડિસ્કાઉન્ટ

### » સાંસદ, ધારાસભ્યો અને ભાજપ અગ્રણીઓએ કરાવ્યો વિતરણનો પ્રારંભ

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક રાહત પૂરી પાડવાના હેતુથી અંબિકા ટ્રસ્ટ, કરણપરા ગરબી ચોક દ્વારા એક પ્રશંસનીય આયોજન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને રાહતભાવે ફુલસ્કેપ ચોપડા તેમજ સારી સ્ટાન્ડર્ડ કંપનીની સ્ટેશનરી MRP થી ૨૦ ટકા ડિસ્કાઉન્ટથી આપવાનું શરૂ કરાયું છે.

આ રાહતદરના વિતરણનો પ્રારંભ ૪ જૂન ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યો છે અને તે ૫ જૂન સુધી ચાલશે. આયોજકોના જણાવ્યા મુજબ શરૂઆતમાં જ અંદાજે ૨૦૦૦ જેટલા કુટુંબોએ આ યોજનાનો લાભ લીધો હતો.

આ વિતરણ કાર્યક્રમનો શુભારંભ અનેક રાજકીય અને સામાજિક આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ






રામ મોકરિયા, ધારાસભ્ય રમેશ ટીલાળા, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, શહેર ભાજપ ઉપપ્રમુખ કૌશિક ચાવડા, મેહુલ નથવાણી, શહેર ભાજપ મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા અને પૂર્વ દંડક મનીષ રાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત વોર્ડ નંબર ૭ ના કોર્પોરેટર વર્ષા પાંધી, ખ્યાતિ ગોહેલ, દર્શન પેંગ્ચાતર, નીતા લાલ, રઘુવંશી સમાજના અગ્રણી હસુ ભગદેવ, શૈલેષ પાબારી, હસુ ચંદારાણા, જલારામ ચીકીવાળા પ્રકાશ ચોંટાઈ, સોની સમાજના અગ્રણી વિનુ પારેખ, એ-ડિવિઝન પીઆઈ જે. વી. વાઢિયા અને એએસઆઈ ભરતસિંહના હસ્તે ચોપડા અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આજે ૪ જૂન અને આવતીકાલે ૫ જૂન એમ ૨ દિવસ સુધી આ વિતરણ કાર્યક્રમ ચાલશે. આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓને આ રાહતદરની યોજનાનો મહત્તમ લાભ લેવા આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી અંબિકા ટ્રસ્ટ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# રેલવેના દિવ્યાંગ કર્મચારીએ રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર જીત્યો

### » ગાંધીનગરમાં યોજાયેલી ૫મી રાષ્ટ્રીય પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપમાં દેવેન્દ્ર યાદવની શાનદાર સિદ્ધિ





સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના કેરેજ એન્ડ વેગન ડેપોમાં હેલ્પરના પદ પર કાર્યરત દિવ્યાંગ કર્મચારી દેવેન્દ્ર યાદવે ૫મી રાષ્ટ્રીય આર્મ એન્ડ પેરા આર્મ રેસલિંગ (પંજા કુસ્તી) ચેમ્પિયનશિપ-૨૦૨૬ માં સિલ્વર મેડલ જીતીને રાજકોટ ડિવિઝન અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનીલ મીનાના જણાવ્યા અનુસાર, આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા ગુજરાતના ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં પીપલ્સ આર્મ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત સ્ટેટ આર્મ રેસલિંગ એસોસિએશન દ્વારા આયોજિત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં દેશભરમાંથી ૨૦૦૦ થી વધુ ખેલાડીઓએ વિવિધ શ્રેણીઓમાં ભાગ લીધો હતો.

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા દેવેન્દ્ર યાદવે ૭૦ થી ૮૦ કિલોગ્રામ પેરા સ્ટેન્ડિંગ શ્રેણીમાં પોતાની શારીરિક મર્યાદાઓને પાર કરી શાનદાર પ્રદર્શન કર્યું હતું અને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. તેમના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે તેમની પસંદગી આગામી 'વર્લ્ડ આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬' માટે પણ કરવામાં આવી છે, જે એક મોટી સિદ્ધિ છે.રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ મીનાએ દેવેન્દ્ર યાદવને આ શાનદાર સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી છે. તેમણે જણાવ્યું હતું કે યાદવની આ સિદ્ધિ ડિવિઝનના અન્ય કર્મચારીઓ અને યુવાનો માટે ખરા અર્થમાં પ્રેરણારૂપ છે.

# સાંઢિયા પુલની ગંભીર ક્ષતિ બદલ કોંગ્રેસની આકરી રજૂઆત

### » જવાબદાર સિટી ઈજનેર અને અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવા ઉગ્ર માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના જામનગર રોડને જોડતા સાંઢિયા પુલના વિસ્તૃતીકરણમાં થયેલી ગંભીર ટેકનિકલ બેદરકારી અને ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસ આક્રમક બની છે. પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા અને પૂર્વ શહેર પ્રમુખ અતુલ રાજાણીએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી જવાબદાર અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને ખર્ચ તેમની પાસેથી જ વસૂલવા ઉગ્ર માંગ ઉઠાવી છે. કમિશનરને પાઠવેલા આવેદનમાં આક્રોશ સાથે જણાવાયું છે કે, ૭૪ કરોડના માતબર ખર્ચે બનતા આ પુલમાં મનપાના જવાબદાર ઈજનેરો પાણીના નિકાલની પાઈપલાઈન મૂકવાનું જ ભૂલી ગયા છે. આખો પુલ તૈયાર થયા બાદ આ ગંભીર બેદરકારી સામે આવતા તંત્રની ભારે ફજેતી થઈ છે. કોંગ્રેસે માંગ કરી છે કે આવા બેજવાબદાર અધિકારીઓ પાસેથી જ પુલ પાછળ થયેલો કરોડોનો ખર્ચ વસૂલ કરવો જોઈએ.

### » એજન્સી સાથેની મિલીભગતથી કરોડો રૂપિયા વધુ ચૂકવાયાનો કોંગ્રેસનો આક્ષેપ

કોંગ્રેસે આક્ષેપ લગાવ્યો છે કે, પ્રથમ સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થવા છતાં મનપાના ઈજનેરો અને પૂર્વ પદાધિકારીઓએ એજન્સી સાથે મિલીભગત કરી કરોડો રૂપિયા વધુ ચૂકવી દીધા છે. ૨ વર્ષ વીતી જવા છતાં અને ભયંકર ટ્રાફિક સમસ્યાઓ વચ્ચે ભાજપ શાસકો માત્ર ઉદઘાટનના તાયફામાં વ્યસ્ત છે. ગંભીર ક્ષતિઓ બહાર આવવા છતાં સત્તાધીશો મૌન સેવી રહ્યા છે. આ કામમાં આચરેલા ભ્રષ્ટાચાર, લાપરવાહી અને ફરજમાં બેદરકારીની વિગતો જગજાહેર છે. ત્યારે સત્તાધીશો દ્વારા ઢાંકપિછોડો કરવાના બદલે આ એજન્સી અને તેની સાથે સંકળાયેલા તમામ જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક શિક્ષાત્મક પગલાં ભરવા કોંગ્રેસ આગેવાનોએ મક્કમ માંગણી કરી છે.

# રાજકોટ સિવિલમાં પેટ સ્કેન મશીન ફાળવવા આરોગ્ય મંત્રીને રજૂઆત

## » રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશ ચાવડાએ મંત્રી પ્રફુલ પાનસેરીયાને પત્ર લખ્યો

## » ગરીબ દર્દીઓ માટે ખાનગી હોસ્પિટલનો મોંઘો ખર્ચ અસહ્ય બનતો હોવાની રજૂઆત

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં કેન્સર જેવા ગંભીર રોગોના સચોટ નિદાન માટે અત્યંત જરૂરી એવા પેટ સ્કેન (PET Scan) મશીનનો અભાવ છે. આ સુવિધા તાત્કાલિક શરૂ કરવા માટે રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશ ચાવડાએ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પ્રફુલ પાનસેરીયાને લેખિત રજૂઆત કરી છે.



રાજેશ ચાવડાએ પત્રમાં જણાવ્યું છે કે, કેન્સર જેવા ગંભીર રોગમાં શરીરના અંગોની સ્થિતિ, કાર્યપ્રણાલી અને રોગના ફેલાવાની જાણકારી મેળવવા પોઝિટ્રોન એમીશન ટોમોગ્રાફી (પેટ સ્કેન) ની જરૂર રહે છે. આ રિપોર્ટ નિદાન અને સમયસર સારવાર માટે ખૂબ જ અગત્યનો છે. પરંતુ રાજકોટ સિવિલ કે કોઈ સેવાભાવી ટ્રસ્ટની હોસ્પિટલમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. ખાનગી લેબોરેટરીમાં પેટ સ્કેન કરાવવું ખૂબ જ ખર્ચાળ હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે તે અસહ્ય બની જાય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર આરોગ્ય સેવાઓ સુધારવા પ્રયત્નશીલ છે, ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક અસરથી પેટ સ્કેન મશીનની સુવિધા ઊભી કરવા માંગ કરવામાં આવી છે. આ રજૂઆતની નકલ પ્રભારી મંત્રી જીતુ વાઘાણી, સાંસદ પરષોત્તમ રૂપાલા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, આરોગ્ય કમિશનર અને રાજકોટ કલેક્ટરને પણ મોકલવામાં આવી છે.





# સ્વ. મઘીબેન જુંજાની પુણ્યતિથિ નિમિત્તે સ્લમ વિસ્તારમાં કેરી વિતરણ

## »રાજુ જુંજાના માતાની ૨ મી પુણ્યતિથિ નિમિત્તે અનોખું સેવાકાર્ય હાથ ધરાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના સામાજિક કાર્યકર રાજુ જુંજાના માતા સ્વ. મઘી મોંઘા જુંજાની ૨ મી પુણ્યતિથિ નિમિત્તે શહેરમાં એક અનોખું અને પ્રેરણાદાયક સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. સ્લમ વિસ્તારમાં રહેતા ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને ફળોના રાજા સમાન કેરીનું વિતરણ કરી તેઓના ચહેરા પર ખુશી લાવવાનો પ્રશંસનીય પ્રયાસ કરાયો હતો.

આ સેવાકીય કાર્ય દરમિયાન સ્લમ વિસ્તારના બાળકોના ચહેરા પર સ્મિત અને ખુશી સ્પષ્ટ જોઈ શકાતી હતી. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ ગરીબ બાળકોના ચહેરા પર ખુશી લાવવાનો અને સ્વ. મઘી જુંજાના સંસ્કારો તથા માનવ સેવાના મૂલ્યોને સમાજમાં લાંબા સમય સુધી જીવંત રાખવાનો હતો. કાળઝાળ ગરમીમાં બાળકોને મીઠી કેરી મળતા તેઓ ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.

આ સેવાકાર્ય અંગે પોતાનો પ્રતિભાવ આપતા રાજુ જુંજાએ જણાવ્યું હતું કે, બાળકોને ખાવા માટે ભલે ૧ કેરી જ મળી હતી, પરંતુ તેમના ચહેરા પર જોવા મળેલી ખુશી તેનાથી અનેકગણી મોટી હતી. સમાજના છેવાડાના માનવી અને ગરીબ બાળકોને મદદરૂપ થવાના આ ઉમદા કાર્યમાં રાજુ જુંજાની સાથે કરન જુંજા અને શિવાંશ જુંજા પણ સક્રિયપણે જોડાયા હતા અને બાળકોને પોતાના હાથે કેરીનું વિતરણ કર્યું હતું.

# સિટી ન્યૂઝ વલ્લભીપુરના પત્રકાર ધર્મેન્દ્રસિંહ સોલંકીની પુત્રી માનવીબાનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ

વલ્લભીપુરના પત્રકાર ધર્મેન્દ્રસિંહ સોલંકીના પુત્રી  માનવીબાનો આજે જન્મદિવસ છે. માનવીબા પોતાના બાલ્ય જીવનના ૧૨ વર્ષ પૂર્ણ કરીને આજે ૧૩માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.  પોતાના પરગજુ, ઉદારતાભર્યા સ્વભાવ અને માસૂમિયતના કારણે માનવીબા સમગ્ર સોલંકી પરિવાર તેમજ મોસાળ પક્ષમાં અદમ્ય સ્નેહ મેળવી રહેલા તેઓ સેવા અને પરોપકારના વારસાગત સંસ્કારો થકી હરિઓમ પ્રાથમિક શાળામાં આ વર્ષે ધોરણ-૬ માં ઉત્તમ પરિણામ સાથે પાસ કરી  શાળા સહિત સોલંકી પરિવારનું ગૌરવ વધાર્યું છે. જન્મદિવસના અવસરે મમ્મી કોમલબા અને પપ્પા ધર્મેન્દ્રસિંહે ખૂબ લાડ લડાવીને તેમના સ્વસ્થ જીવનની મનોકામના સાથે અંતરના આશીર્વાદ પાઠવ્યા છે, જ્યારે ભાઈ કર્મરાજસિંહે બર્થડે ગિફ્ટ તરીકે પુસ્તકો ભેટ આપ્યા હતા. ધર્મેન્દ્રસિંહના બહોળા મિત્ર વર્તુળ અને સ્નેહીજનો તરફથી તેમના મોબાઈલ નંબર ૯૭૧૪૭૯૦૫૯૮ પર માનવીબાની ઉજ્જવળ કારકિર્દી અને સ્વસ્થ દીર્ઘાયુની કામના કરતી શુભેચ્છાઓનો અવિરત પ્રવાહ વરસી રહ્યો છે.



# સિવિલ હોસ્પિટલની સુવિધાઓ વધારવા ગાંધીનગરમાં રજૂઆત

## » મંજૂર થયેલા ઓટોમેટેડ બ્લડ ટેસ્ટિંગ મશીનો 18 વર્ષથી માત્ર કાગળ પર

## » વિનય જસાણી અને મિત્તલ ખેતાણી દ્વારા મંત્રીઓ અને MLAની ઉપસ્થિતિમાં રજૂઆત

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટની સિવિલ હોસ્પિટલમાં પ્રવર્તતી ગંભીર અસુવિધાઓ અને દર્દીઓની હાલાકી મુદ્દે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે ઉચ્ચ કક્ષાએ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. મેડિકલ હબ બની ચૂકેલા રાજકોટમાં આરોગ્ય સેવાઓ કથળતી જતી હોવાનો આક્ષેપ કરી તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દરરોજ હજારો દર્દીઓ સારવાર લેવા આવે છે, જેમાં થેલેસેમિયાથી પીડાતા ૫૫૦ જેટલા માસૂમ બાળકોનો પણ સમાવેશ થાય છે. આમ છતાં, હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોનો મોટો અભાવ છે. હોમેટોલોજીસ્ટ, ન્યુરોફિઝિશિયન અને આંખના પડદાના નિષ્ણાત તબીબો ન હોવાથી ગરીબ દર્દીઓએ ભારે પરેશાની ભોગવવી પડે છે અને ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચ ભોગવવા પડે છે, જેથી આ ડોક્ટરોની તાત્કાલિક નિમણૂક કરવા ઉગ્ર માંગ ઉઠી છે.

સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં લોહીની કાયમી અછત રહેતી હોવાથી દર્દીઓના સગાઓએ વલખાં મારવા પડે છે. આ માટે રોગી કલ્યાણ સમિતિ દ્વારા બહારની બ્લડ બેન્કોમાંથી દર્દીઓને લોહી પૂરું પાડવાની વ્યવસ્થા ગોઠવાય તે અત્યંત જરૂરી છે. સૌથી આઘાતજનક બાબત એ સામે આવી છે કે, સિવિલ બ્લડ બેંક માટે ઓટોમેટેડ



બ્લડ ટેસ્ટિંગ મશીનો વર્ષ ૨૦૦૮ માં મંજૂર થયા હતા, પરંતુ ૧૮ વર્ષ વીતી જવા છતાં આ મશીનો હજુ સુધી હોસ્પિટલને મળ્યા નથી, જે આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી છતી કરે છે.

વધુમાં, IHBT વિભાગમાં પ્રોફેસરની જગ્યા લાંબા સમયથી ખાલી પડી છે, ત્યાં પેથોલોજીસ્ટ ડોક્ટર્સની ભરતી કરવામાં આવે તો નવા રિસર્ચ થઈ શકે અને દર્દીઓને તેનો સવિશેષ લાભ મળે તેવી માંગ કરાઈ છે. આ તમામ ગંભીર મુદ્દે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના ચેરમેન વિનય જસાણી, કરુણા ફાઉન્ડેશનના મિત્તલ ખેતાણી અને તેમની ટીમના મંથન માંકડ દ્વારા ગાંધીનગર ખાતે મંત્રી પ્રફુલ પાનસુરીયા અને મંત્રી હર્ષ સંઘવીને રૂબરૂ મળીને ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. આ તકે ધારાસભ્ય રમેશ ટીલાળા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### સિવિલ હોસ્પિટલના લાભાર્થે

## સનાતન સેતુ હનુમંત કથા રેસકોર્સ ખાતે તારીખ 5, 6, 7 જૂનના રક્તદાન કેમ્પ

સિટી ન્યૂઝ@રાજકોટ

અત્યારે ઉનાળાની સખત ગરમીના કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની અછત છે, ત્યારે જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભ આશયથી સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી સનાતન સેતુ હનુમંત કથા રેસકોર્સ ખાતે તારીખ ૫, ૬ અને ૭ જૂનના શુક્ર, શનિ અને રવિવારે સાંજે ૬ થી ૧૨ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન કેમ્પમાં સનાતન સેતુ સમિતિ, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના એમડી પેથોલોજિસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે. દાતાઓને બહોળી સંખ્યામાં રક્તદાન કરવા નમ્ર વિનંતી છે. આપના સ્નેહીજનોના જન્મદિવસ કે સ્મૃતિ રૂપે રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન કરવા, અંગદાન, દેહદાન, ત્વચાદાન, ચક્ષુદાન, થેલેસેમિયા જાગૃતિ સેમિનાર કરવા કે જીવ દયાના અન્ય કોઈપણ કાર્યો માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન વિનય જસાણી 94282 006600 નો સંપર્ક કરવા વિનંતી.

## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| CMR GREEN TECHNOLOGIES | 03/6 | 05/6 | 182 - 192 | 78 | 14,976 |
| HEXAGON NUTRITION | 05/6 | 09/6 | 42 - 45 | 333 | 14,985 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| VAHH CHEMICALS | 04/6 | 08/6 | 60 | 4000 | 2,40,000 |
| UHM VACATION | 04/6 | 08/6 | 157 - 166 | 1600 | 2,65,600 |
| GENXAI ANALYTICS | 05/6 | 09/6 | 110 - 116 | 2400 | 2,78,400 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે સ્વીડનની સેન્ટ્રલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી (સીએસડી) માટે પરિવર્તનના આગામી તબક્કાને આગળ વધારવા માટે યુરોક્લિયર ગ્રુપ સાથે તેની લાંબા ગાળાની ભાગીદારીના વિસ્તરણની જાહેરાત કરી છે.
- પાવર મેક પ્રોજેક્ટ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને અદાણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ સર્વિસીસ લિ. પાસેથી રૂ.૨૬૬.૨૬ કરોડનો ઓર્ડર મળ્યો છે, જે હેઠળ કંપની બુટિબોરી, મહારાષ્ટ્ર, ભારત સ્થિત 300 મેગાવોટના બે થર્મલ પાવર પ્રોજેક્ટના સંચાલન અને જાળવણી સર્વિસીસ માટે કેપીઆઈ આધારિત કોન્ટ્રાક્ટ પ્રદાન કરશે.
- કેપેસાઈટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિ.એ જણાવ્યું છે કે ટેન એક્સ રિયલ્ટી ઈસ્ટ લિ. (રેમન્ડ રિયલ્ટી લિ.ની સબસિડિયરી) પાસેથી સિવિલ કોર અને શેલ વર્ક્સ માટે રૂ.૫૮૯ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- હીરો મોટોકોર્પ લિ.એ ભારતની આત્મનિર્ભર ગતિશીલતાના ભવિષ્યને બળ આપવા માટે તેની પ્રથમ ફ્લેક્સ ફ્યુઅલ મોટરસાયકલનું અનાવરણ કર્યું છે.
- લાર્સન એન્ડ ટૂબ્રો ઈન્ફોટેક લિ.એ સિસ્કો લાઈવ ૨૦૨૬ ખાતે તેનું નવું મેનેજડ સિક્યોર સર્વિસ એજ સોલ્યુશન લોન્ચ કર્યું છે.
- એનબીસીસી (ઈન્ડિયા) લિ.ને રૂ.૮૩.૨૪ કરોડના ઓર્ડર્સ મળ્યા છે.
- ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.એ ગુજરાતના વડોદરા ખાતે તેની ઉત્પાદન સુવિધા ખાતે ૮મી મીડિયમ વોલ્ટેજ/એક્સ્ટ્રા હાઈ વોલ્ટેજ પાવર કેબલ ઉત્પાદન લાઈનના સફળ સ્થાપનાની જાહેરાત કરી છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**